RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-298 ■ DATE : 02-04-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

પરાજય શું છે ? એ એક પ્રકારનું શિક્ષણ છે, કાંઈ પણ વધારે સારી વસ્તુ, સારી સ્થિતિ તરફ જવાનું તે પહેલું પગથિયું છે...



રાજકોટમાં બદલી થઇ આવેલા ૧૨ પીઆઈની વિવિધ પોલીસ સ્ટેશનમાં નિમણૂંક કરાઇ P-4

# યુદ્ધ જલ્દી સમાપ્ત થવાનું નથી : ટ્રમ્પનો દાવો

## ઈરાનમાં મારુ યુદ્ધ તો ફક્ત ૩૨ દિવસથી જ ચાલી રહ્યું છે : ઈરાનમાં નિષ્ફળતાથી ધુંઆપુંઆ થઈ ટ્રમ્પે વૉર હિસ્ટ્રી યાદ કરી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**



અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું ભાષણ માત્ર લશ્કરી દાવાઓ સુધી જ મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેમણે ઈતિહાસનો સહારો લઈને એક મોટો સંકેત આપ્યો છે. આ યુદ્ધ જલ્દી સમાપ્ત નથી થવાનું. ટ્રમ્પે પોતાના ભાષણમાં અમેરિકન જનતાને સમજાવવાનો પ્રયાસ કર્યો કે, 'વર્તમાન સંઘર્ષ લાંબો નથી, પરંતુ 'ટૂંકો' છે અને તેના મુકાબલામાં અમેરિકા પહેલા ઘણા લાંબા અને વધુ મુશ્કેલ યુદ્ધો લડી ચૂક્યું છે. આ સાથે જ તેમણે કહ્યું કે, ઈરાનમાં મારું યુદ્ધ તો ફક્ત ૩૨ દિવસથી ચાલી રહ્યું છે.'

પોતાના તર્કને મજબૂત કરવા માટે ટ્રમ્પે ટ્રમ્પે ભૂતકાળના યુદ્ધોનો સંપૂર્ણ હિસાબ જનતાની સામે રાખ્યો. તેમણે કહ્યું કે, 'પ્રથમ વિશ્વયુદ્ધ ૧ વર્ષ, ૭ મહિના અને ૫ દિવસ ચાલ્યું હતું. બીજું વિશ્વયુદ્ધ ૩ વર્ષ, ૮ મહિના અને ૨૫ દિવસ ચાલ્યું હતું. કોરિયન યુદ્ધ ૩ વર્ષથી વધુ ચાલ્યું હતું. વિયેતનામ યુદ્ધ ૧૯ વર્ષ, ૫ મહિના અને ૨૯ દિવસ ચાલ્યું હતું. ઈરાક યુદ્ધ ૮ વર્ષથી વધુ ચાલ્યું હતું.' આ ઉદાહરણો દ્વારા ટ્રમ્પે એ જણાવવાનો પ્રયાસ કર્યો છે કે, ઈરાન સામે ચાલી રહેલ લશ્કરી અભિયાન હજુ તેના ખૂબ જ પ્રારંભિક તબક્કામાં છે.

ટ્રમ્પે કહ્યું કે, 'અમેરિકા આ ઓપરેશનમાં ફક્ત ૩૨ દિવસથી છે અને આ સમય દરમિયાન ઈરાનની લશ્કરી ક્ષમતાઓ લગભગ ખતમ કરી દીધી છે. ઈરાન હવે કોઈ મોટો ખતરો નથી. આ સાથે જ તેમણે ખાતરી પણ આપી કે અમેરિકા ટૂંક સમયમાં જ પોતાના કોર સ્ટ્રેટેજિક ઓબ્જેક્ટિવ્સ પૂર્ણ કરી લેશે અને કામ ખતમ કરી દેશે.'

જોકે, ટ્રમ્પના આ દાવા પાછળ એક રાજકીય સંદેશ પણ સ્પષ્ટ નજર આવે છે. અમેરિકાની અંદર આ યુદ્ધને લઈને અસંતોષ વધી રહ્યો છે. ૧૩ અમેરિકન સૈનિકોના મોત, વધતી જતી મોંઘવારી અને તેલના ભાવમાં વધારાથી સામાન્ય જનતાની ચિંતા વધી ગઈ છે. ટ્રમ્પના પોતાના સમર્થકો વચ્ચે પણ એ સવાલ ઉઠવા લાગ્યો છે કે, અમેરિકા આ યુદ્ધમાં શા માટે સામેલ છે.

આ જ કારણ છે કે, ટ્રમ્પે આ યુદ્ધને 'ઈન્વેસ્ટમેન્ટ' ગણાવતા જનતાને ખાતરી આપવાનો પ્રયાસ કર્યો છે કે આ યુદ્ધ એક જરૂરી પગલું છે. પરંતુ બીજી તરફ તેમના પોતાના જ નિવેદનો વારંવાર બદલાતા રહે છે. ક્યારેક તેઓ કહે છે કે યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે, તો ક્યારેક કહે છે કે, અમે આગામી ૨-૩ અઠવાડિયામાં વધુ મોટા હુમલાઓ કરીશું.




## રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હનુમાન જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં દાદાના જન્મોત્સવને વધાવવા અનેકવિધ કાર્યક્રમોના આયોજનો થયા છે. રાજકોટમાં ચોમેર સુંદરકાંડ અને હનુમાન ચાલીસા પાઠના રણકાર સાંભળવા મળી રહ્યા છે. હનુમાન દાદાના મંદિરોને ફુલોના શણગાર કરી સવારથી જ પુજન, આરતીના કાર્યક્રમો ચાલી રહ્યા છે. દાદાની વાજતે ગાજતે શોભાયાત્રા પણ યોજવામાં આવી છે. હનુમાન જયંતી નિમિતે કયાંક ગુંદી ગાંઠીયા તો કયાંક ફરાળી ચેવડો અને ગુલાબ જાંબુની પ્રસાદીનું વિતરણ કરાયુ હતુ. રૈયા લાઈટ હાઉસ ખાતે સાંજે ૬ વાગ્યે શોભાયાત્રા અને રાત્રે સોસાયટીના ફલેટધારકો માટે પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. પેડક રોડ પર બાલક હનુમાનજી મંદિરે બપોરે હવન રાખવામાં આવેલ અને રાત્રે ૮:૩૦ વાગ્યે મહાઆરતી રાખેલ છે. કોઠારીયા કોલોની ખાતેના શ્રી મોજીલા હનુમાન મંદિરે સાંજે ૭:૩૦ વાગ્યે ૐકાર મહાઆરતી થશે. શહેરના સુપ્રસિધ્ધ શ્રી કરણસિંહજી બાલાજી હનુમાન મંદિરે પણ સવારથીજ પૂજન અર્ચનના વિશેષ કાર્યક્રમો ચાલી રહ્યા છે. ભાવિકોને ગુલાબ જાંબુ અને ફરાળી ચેવડાની પ્રસાદીનું અવિરત વિતરણ કરાયુ હતુ. સુર્યમુખી હનુમાન મંદિરે પણ વિશેષ શણગાર દર્શન ખુલ્લા મુકાયા છે.

## સોનુ-ચાંદી અને શેરબજાર ફરી ધડામઃ ટ્રમ્પે ઉમ્મીદો પર પાણી ફેરવ્યું

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધ અંગે રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમના સંબોધનથી વૈશ્વિક નાણાકીય બજારોમાં ભારે ઉથલપાથલ મચી ગઈ. ટ્રમ્પના ભાષણ પછી ઓસ્ટ્રેલિયન શેરબજારથી લઈને જાપાન સુધીના શેરબજારોમાં ઘટાડો થયો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને ભૂ-રાજકીય અનિતિતા વચ્ચે, રોકાણકારો ફરી એકવાર જોખમ લેવાનું ટાળવા લાગ્યા છે.વૈશ્વિક બજારમાં ફરી એકવાર અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. આપણે ફુગાવામાં થોડી રાહતની આશા રાખી રહ્યા હતા, તે જ સમયે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભાષણથી આંતરરાષ્ટ્રીય બજારમાં હડકંપ મચી ગયો. ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો. તેમનું ભાષણ પૂરું થતાં જ બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૬ ડોલરને વટાવી ગયા. ભારતીય શેરબજારમાં પ્રારંભે સેન્સેકસ ૧૩૨૪ તો નીફટીમાં ૪૨૩ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો છે. સોનામાં રૂા. ૩૦૦૦ તો ચાંદીમાં ૧૧૫૦૦નો એમસીએકસમાં ઘટાડો જોવા મળ્યા છે. સોનું રુા. ૧૫૦૬૨૧ તો ચાંદી ૨૩૧ ૯૭૬ ઉપર પહોંચ્યું છે.

## ૭૫ વર્ષ જુના ટુકડા ધારામાં ધરખમ સુધારાને સૈદ્ધાંતિક મંજૂરી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**



ગુજરાત સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં ધરખમ સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ રાજ્યમાં નવા સુધારાઓ લાગુ પડશે.

પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ ઐતિહાસિક વટહુકમ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સુધારાથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે.

રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર 'રેગ્યુલાઈઝ' (વિનિયમિત) કરવામાં આવશે. જો કે હવે આ તમામ વ્યવહારો આપોઆપ વિનિયમિત થઈ જશે અને કાયદેસર ગણાશે.

અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે.

અગાઉ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી સામાન્ય ખેડૂત મૂંઝવણમાં રહેતો હતો. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરવામાં આવ્યું છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે નિર્ણય લેવાયો છે કે, હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જે ખેતીની વાયબિલિટી વધારશે.

શહેરીકરણની ઝડપને ધ્યાને રાખીને, મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં બિનખેતીની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે.

**Petrol & Diesel Rate**

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૧/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૦/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૩,૦૧૦ | ₹૨,૫૫,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૩.૨૫ | ₹૧૨૩.૪૨ |

## ૭૦% વાહનો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને અનુકુળ નથી

દેશમાં સરકાર ક્રુડતેલની આયાત ઘટાડવા અને તે રીતે હુંડીયામણ પણ બચાવવા પેટ્રોલમાં ૨૦ ઈથેનોલ મિશ્રણ કરીને વેચે છે. ૨૦૧૮/૧૯થી શરૂ થયેલી આ યોજનામાં પહેલા ૫% ઈથેનોલનું બ્લેડીંગ શરૂ કરાયુ હતું અને તબકકાવાર તે વધારીને હવે ૨૦% લઈ જવાયુ હતું. જો કે ફકત ભરત જ નહી. અમેરિકાએ પણ ૧૦.૯% કેનેડામાં ૧૦%, ફ્રાન્સમાં ૧૦%, બ્રાઝીલમાં ૩૦% તથા થાઈલેન્ડમાં ૧૪% ઈથેનોલનું મિશ્રણ થાય છે પણ હાલમાં જ એક મોટો ખુલાસો થયો છે કે ૨૦૨૩ પુર્વે વેચાયેલા કાર કે બાઈકના એન્જીનમાં ૨૦% એથોનોલ મિશ્રીત પેટ્રોલ માટે અનુકુળ નથી. એટલે કે આ પ્રકારનું મિશ્રણ એન્જીનને માટે યોગ્ય નથી. ખુદ સરકારના વાહન વ્યવહાર મંત્રાલયના પોર્ટલ પર આ માહિતી અપાઈ છે છતાં સરકાર ૨૦% ઈથેનોલ મિશ્રીત પેટ્રોલ લોકોને લેવાની ફરજ પાડે છે. વાસ્તવમાં ૨૦૨૫માં વેચાયેલા ૧૦માંથી ૭ વાહનોના એન્જીન ઈ-૨૦ પેટ્રોલ માટે સાનુકુળ ન હતા. આમ ૩૦% જ વાહનોમાં હવે આ ઈ-પેટ્રોલ માટે યોગ્યતા છે. ૨૦૨૫માં કુલ ૩૩.૬ લાખ કાર વેચાઈ હતી જેમાં ફરી ૯ લાખ આ ઈ-પેટ્રોલ માટે યોગ્ય હતી. આવી જ હાલત થ્રી વ્હીલર તથા હળવા વ્યાપારી વાહનોની છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે પવન સાથે કરા પડવાની સંભાવના

### ૧૦ દિવસ રાજ્યમાં માવઠાની આગાહી, ખેડૂતોના સાવચેત રહેવા અપીલ; મેમાં વાવાઝોડાની શક્યતાઃ અંબાલાલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



રાજ્યમાં ભરઉનાળે ખેડૂતોને ત્રીજી વખત કમોસમી વરસાદનો માર સહન કરવાનો વખત આવી શકે છે. હાલમાં રાજ્ય તરફ ત્રણ વરસાદી સિસ્ટમ એટલે કે સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને વરસાદી ટર્ફ સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. ૪ એપ્રિલ સુધી રાજ્યમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

તો બીજી તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પણ ૧૦ દિવસ સુધી એટલે કે, ૧૨ એપ્રેલ સુધી વિવિધ ભાગોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ અને કચ્છના ભાગોમાં કરા સાથેના વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ સાથે જ મે મહિનામાં પણ વરસાદ અને વાવાઝોડું આવી શકે તેવું અંબાલાલ પટેલે ઉમેર્યું હતું.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ગાજવીજ, આંધી-તોફાન સાથે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. ૨ સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, વરસાદી ટ્રફ સક્રિય થતાં રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આગામી બે દિવસ તાપમાનમાં ૨-૩ ડિગ્રી ઘટવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આવનારા ૪૮ કલાકમાં એક મજબૂત પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ) સર્જાવા જઈ રહ્યો છે, જેની અસર દેશના ઉત્તરી પર્વતીય પ્રદેશોમાં થવાની શક્યતા છે. પવનની ગતિ ૬૦થી ૭૦ કિલોમીટરની ઝડપે ઉત્તર ભારતના ભાગોમાં થવાની શક્યતા છે. કરા પડવાની પણ શક્યતા છે અને તેની અસર ગુજરાતના વિવિધ ભાગો પર પણ થવાની શક્યતા છે. ૩ એપ્રિલે પશ્ચિમ સૌરાષ્ટના ભાગોમાં ક્યાંક વધુ વરસાદ થવાની શક્યતા છે. દ્વારકાના ભાગમાં હવામાન પલટાશે, જામનગરના ભાગો અને આ ઉપરાંત ઉત્તર સૌરાષ્ટના રાજકોટના ભાગો અને કચ્છના ભાગોમાં હવામાનમાં મોટો પલટો આવશે અને વરસાદ થવાની શક્યતા છે.

## ઈન્ડોનેશિયામાં ૭.૪ની તિવ્રતાનો શક્તિશાળી ભૂકંપ




**મુખ્ય સમાચાર, જાકાર્તા**

યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું છે કે વહેલી સવારે પૂર્વી ઈન્ડોનેશિયાના સમુદ્રમાં ૭.૪ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ બાદ અમેરિકાના મોનિટરિંગ સેન્ટરે ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિલોમીટર (૬૨૧ માઈલ) ના દાયરામાં જોખમી સુનામી લહેરોની આશંકા વ્યક્ત કરતા હાઈ એલર્ટ જારી કર્યું હતું.

આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સવારે ૬:૪૮ કલાકે મોલુક્કા સાગરમાં ૩૫ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર ટર્નેટ નામના નાના ટાપુ પાસે સમુદ્રમાં હતું.

હવાઈ સ્થિત પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે જણાવ્યું છે કે ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠી શકે છે.

ઉત્તરી સુલાવેસી પ્રાંતના મનાડો શહેરમાં ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે શહેરના લોકો જાગી ગયા હતા અને ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. લોકો ગભરાઈને બહાર ભાગવા લાગ્યા હતા. નજીકમાં જ એક સ્કૂલ છે, ત્યાંના વિદ્યાર્થીઓ પણ જીવ બચાવવા માટે ઝડપથી બહાર મેદાન તરફ દોડ્યા હતા.'

## રાજકોટ જિલ્લા પંચાયતમાં ચૂંટણી લડવા દાવેદારોએ લાઇન લગાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો તથા જિલ્લાની તાલુકા પંચાયતો અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારો પસંદ કરવા ભાજપના બે નિરીક્ષકોએ ગોંડલ અને રાજકોટમાં તાલુકાવાર સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે. આવતીકાલે સેન્સ પ્રક્રિયા પુરછ થયા પછી નિરીક્ષકો પાર્લામેન્ટરી બોર્ડમાં સંકલિત અહેવાલ રજુ કરશે. ભાજપના ટીકીટના દાવેદારોની લાઇન છે. દરેક બેઠક દિઠ સરેરાશ પાંચથી વધુ દાવેદારો છે. સેન્સના સ્થળે રાજકીય કાર્યકરોનો મેળાવડો જામ્યો છે. ભાજપે તમામ પંચાયતો જીતવાનો દાવો કર્યો છે.

ગોંડલ પંથકની સેન્સ લેનાર ટીમમાં અમદાવાદના પૂર્વ ધારાસભ્ય રાકેશ શાહ, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ કૈશલ્યાકુંવરબા પરમાર અને યુવા ભાજપના પૂર્વ પ્રદેશ મહામંત્રી કૈશલ દવેનો સમાવેશ થાય છે. રાજકોટ સહિતના ૬ તાલુકાઓની બીજી ટીમમાં નિરીક્ષક તરીકે રાજયકક્ષાના વન પર્યાવરણ મંત્રી પ્રવીણ માળી, ગાંધીનગર શહેરના પૂર્વ મહામંત્રી અતુલ પટેલ અને વર્તમાન મહામંત્રી ધર્મેન્દ્રાસિંહ વાઘેલા નીરીક્ષક તરીકે છે.

જિલ્લા પંચાયતની કોટડાસાંગાણી બેઠક માટે અર્જુન ખાટરિયા, મોવૈયા બેઠક માટે રાજુ ડાંગર, વજુભાઇ ચાવડા, કમાભાઇ જાપડા, ચરખડી માટે જલ્પાબેન મકવાણા, દેરડી માટે જયશ્રીબેન ચોવટિયા વિગેરેએ ટીકીટ માંગી છે.

## ૫૪ વર્ષના અંતરાલ બાદ નાસાના અંતરિક્ષયાત્રીઓ ચંદ્રની યાત્રાએ ઉપડયા

**મુખ્ય સમાચાર, ક્લોરિડા**



લગભગ ૫૪ વર્ષના અંતરાલ બાદ નાસાના અંતરિક્ષ યાત્રીઓ ચંદ્રની યાત્રાએ આજે ઉપડયા છે.આજે ૨ એપ્રિલે સવારે નાસાએ ચંદ્ર યાત્રા માટે આર્ટેમિસ-૨ મિશન લોન્ચ કર્યું હતું.સવારે ૪-૦૫ વાગ્યે સ્પેસ લોન્ચ સિસ્ટમ (એસએલએસ) ઓરિયન સ્પેસક્રાફ્ટ ૪ અંતરિક્ષ યાત્રીઓને લઈને ચંદ્ર તરફ રવાના થયું હતું.

આ ચંદ્રયાત્રીઓ ચંદ્ર પર ઉત્તરાણ નહીં કરે પણ તેની પ્રદક્ષિણા કરશે.આ મિશનનો ઉદ્દેશ ચંદ્ર પર એક કાયમી બેઝ બનાવવાનો ભવિષ્યમાં મંગળ પર જવાની કલ્પનાને સાકાર કરવાનો છે.ફ્લોરિડરના કેનેડી સ્પેસ સેન્ટર પરથી મિશન લોન્ચ થયું હતું.


વર્ષ ૧૯૭૨માં 'એપોલો-૧૭' પછી આ પહેલો અવસર છે જ્યારે કોઈ માણસ પૃથ્વીની નીચલી કક્ષાને પાર કરીને ચંદ્રની નજીક પહોંચશે. ચારેય યાત્રીઓ આ મિશનમાં ચંદ્રની આસપાસ ચક્કર લગાવશે અને પછી પાછા પૃથ્વી પર ફરશે. આ મિશન ૧૦ દિવસનું છે.

બેટરી અને સેફ્ટી સિસ્ટમમાં છેલ્લી ઘડીએ કરવામાં આવેલા કેટલાક સુધારા બાદ આર્ટેમિસ-૨ મિશનનું લોન્ચિંગ સફળ રહ્યું હતું. ફ્લોરિડાના ટાઈટસવિલેમાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ થયેલા નેક્સ્ટ-જનરેશન મૂન રોકેટ અને ઓરિયન ક્રૂ કેપ્સ્યુલને જોવા માટે એકઠા થયેલા લોકો.આ ઐતિહાસિક નજારો જોઈ ઝુમી ઉઠયા છે. મિશનનો હેતુ સ્પેસક્રાફ્ટના 'લાઈફ સપોર્ટ સિસ્ટમ'ની તપાસ કરવાનો છે. નાસા જોવા માંગે છે કે અવકાશમાં મનુષ્યોના રહેવા માટે તે કેટલું સુરક્ષિત છે. યાન હજુ ચંદ્રની સપાટી પર ઉતરશે નહીં, પરંતુ ભવિષ્યમાં ચંદ્ર પર મનુષ્યોના વસવાટનો માર્ગ સરળ બનાવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં ૪ કરોડના ખર્ચે બનેલો 'સરદારબાગ' શોભાના ગાંઠિયા સમાન

### કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીથી જનતામાં રોષ : ફુવારા બંધ, લાઈટો ગુલ અને સુવિધાઓ ઠપ્પ; કોન્ટ્રાક્ટર અને પાલિકા તંત્ર સામે નાગરિકોમાં રોષ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના શનાળા રોડ પર અંદાજે રૂ.૪ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવેલ સરદારબાગ હાલ તંત્રની ઉદાસીનતા અને કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે બદહાલી ભોગવી રહ્યો છે. મોરબીમાં કરોડોના ખર્ચે બનેલો સરદારબાગ હાલ અવ્યવસ્થાનો શિકાર બન્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ફુવારા, મ્યુઝિક સિસ્ટમ અને લાઈટો બંધ હોવાથી મુલાકાતીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

મોરબી શહેરના મધ્યમ વર્ગ અને બાળકો માટે મનોરંજનનું કેન્દ્ર બને તેવા આશયથી બનાવાયેલ 'સરદાર બાગ' આજે મૂળભૂત સુવિધાઓના અભાવે નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. બગીચાનું મુખ્ય આકર્ષણ ગણાતો મ્યુઝિકલ ફુવારો છેલ્લા સાત દિવસથી બંધ હાલતમાં છે. સાથે જ મ્યુઝિક સિસ્ટમ પણ કાર્યરત નથી, જેના કારણે સાંજના સમયે ફરવા આવતા લોકોમાં નિરાશા છવાઈ છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે બગીચાના શૌચાલયોમાં લાઈટોની વ્યવસ્થા પણ બંધ છે, જેના કારણે ખાસ કરીને મહિલાઓ અને બાળકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, બગીચાની જાળવણી ખાનગી કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવી છે. નિયમ મુજબ તમામ સુવિધાઓ ચાલુ રાખવી અને સમયસર મરામત કરાવવી તેની જવાબદારી છે. તેમ છતાં, કર્મચારીઓ દ્વારા વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જે તંત્રની નિષ્ક્રિયતા પર સવાલ ઊભા કરે છે. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે કરોડોના ખર્ચે બનાવેલી જાહેર મિલકતની યોગ્ય દેખરેખ ન રાખવી એ જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ છે. અગાઉ પણ વોકિંગ ટ્રેક પર લાઈટો બંધ રહેવાની ફરિયાદો સામે આવી હતી, જે બાદમાં સુધારવામાં આવી હતી, પરંતુ હાલની સ્થિતિ ફરીથી બેદરકારી દર્શાવે છે. મુલાકાતીઓએ જણાવ્યું હતું કે રાત્રે મોડે સુધી લોકો બગીચામાં ફરવા આવે છે, પરંતુ અંધારાના કારણે સુરક્ષાની સમસ્યા ઊભી થઈ રહી છે. મહિલાઓ માટે તો શૌચાલયમાં લાઈટ ન હોવું ગંભીર મુદ્દો બન્યો છે. નાગરિકો હવે માંગ કરી રહ્યા છે કે જો કોન્ટ્રાક્ટર પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ જાય, તો તેનો કરાર રદ કરીને જવાબદારી નક્કી કરવી જોઈએ.

આ સમગ્ર મામલે મહાનગરપાલિકા તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. શું અધિકારીઓ દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવે છે? ફરિયાદો છતાં કાર્યવાહી કેમ નથી થતી? અને જાળવણીના નામે ચૂકવાતા નાણાંનો હિસાબ કેવી રીતે થાય છે? આવા અનેક સવાલોના જવાબ હવે જનતા માંગે છે. ત્યારે જો આગામી સમયમાં બગીચાની સુવિધાઓ તાત્કાલિક ધોરણે સુધારવામાં નહીં આવે, તો નાગરિકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# જામનગર શહેર ભાજપમાં.૬૪ વોર્ડ માટે ૧૫૭૫ દાવેદારોના ફોર્મ ઉપડયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આજે શહેર ભાજપ કાર્યાલય ખાતેથી ઉમેદવારી પત્રોના વિતરણ સાથે આશાસ્પદ ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.શહેર ભાજપ કાર્યાલય ખાતેથી ઉમેદવારી ફોર્મ મેળવવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા. આ ભીડ ભાજપમાં ઉમેદવારી માટેના પ્રબળ ઉત્સાહને દર્શાવે છે.પક્ષ દ્વારા આવતીકાલે, ૨ એપ્રિલ ૨૦૨૬ ના રોજ નિરીક્ષકોની હાજરીમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટે બે અલગ-અલગ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે.વોર્ડ નંબર ૧ થી ૮ માટે સેન્સ પ્રક્રિયા જામનગરના ફ્રેન્ડ્સ હોલ ખાતે યોજાશે, જ્યારે વોર્ડ નંબર ૯ થી ૧૬ માટે શહેર ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.પક્ષ દ્વારા નિર્ધારિત આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગળની રણનીતિ અને ઉમેદવારોના નામ અંગેની ચર્ચાઓ વધુ તેજ બનશે.

# જામનગરમાં હિન્દુ સંગઠનોના અપમાન અને પીડિત પરિવારને ન્યાય અપાવવા બાબતે વિહિપ દ્વારા ડીવાયએસપીને અપાયું આવેદનપત્ર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કર્મચારી દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ જેવા રાષ્ટ્રવાદી સંગઠનો વિશે નિમ્ન કક્ષાની ટિપ્પણી કરવાના અને પીડિત હિન્દુ બહેનની ફરિયાદ ન નોંધવાના વિરોધમાં જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઉગ્ર વિરોધ કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ તકે નાયબ પોલીસ અધિક્ષક જયવીર સિંહ ઝાલા સાહેબને રૂબરૂ મળીને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.શહેરના દાવલશા ફળી વિસ્તારમાં રહેતા અને દુર્ગાવાહિનીના કાર્યકર્તા એવા કૃપાલીબેન પરમારના પરિવાર પર પડોશમાં રહેતા અસામાજિક તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ બાબતે ન્યાય મેળવવા પોલીસ મથકે પહોંચેલા બહેનને મદદ કરવાને બદલે ત્યાં ફરજ પરના કોન્સ્ટેબલ તજનીક પાંભરે સંગઠન વિશે અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા અને ફરિયાદ ન નોંધવા દબાણ કર્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષ ફેલાયો છે.જામનગર મહાનગર અધ્યક્ષ વિજયભાઈ બાબરીયાએ ડીવાયએસપી ઝાલાને રજૂઆત કરી હતી કે, પ્રજાના રક્ષક ગણાતા પોલીસ કર્મચારી જ્યારે કોઈ ચોક્કસ માનસિકતાથી પ્રેરાઈને જાહેર સંગઠનોનું અપમાન કરે, ત્યારે તે પોલીસ બેડાની છબી ખરડે છે. આવા કર્મચારી સામે તાત્કાલિક અસરથી શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ. તેમજ હિન્દુ પરિવારોને જે રીતે વિસ્તાર છોડવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે, તે લેન્ડ જેહાદની માનસિકતા સમાન છે. આવા તત્વો સામે કડક નોંધી ત્વરિત ધરપકડ કરવાની માંગ કરાઈ છે.વિશ્વ હિન્દુ પરિષદના અધિકારીઓએ જણાવ્યું હતું કે, હિન્દુ બહેનોની અસ્મિતા અને સંગઠનના સન્માન સામે ક્યારેય બાંધછોડ કરવામાં આવશે નહીં. જો આગામી દિવસોમાં સંતોષકારક પરિણામ નહીં આવે, તો સંગઠન દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર સ્તરે ઉગ્ર આંદોલન છેડવાની તૈયારી પણ બતાવવામાં આવી છે.આ તકે ડીવાયએસપી જયવીર સિંહ ઝાલાએ આવેદન સ્વીકારીને આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવાની અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.આ તકે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, માતૃશક્તિ અને દુર્ગાવાહિનીના પ્રાંત તેમજ જિલ્લા સ્તરના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને હિન્દુ હિત રક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. તેમ મહાનગર મંત્રી રસિકભાઈ અમરેલીયાની યાદીમાં જણાવ્યું છે

# વાંકાનેર તાલુકા પોલીસની ખનીજ માફિયા સામે મોટી કાર્યવાહી : ભેરડા ગામેથી ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

### ગેરકાયદેસર ખનન અને રોયલ્ટી વગર ખનીજ વહન કરતા વાહનો પર કડક કાર્યવાહી



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ખનીજ માફિયાઓ સામે સતત અભિયાન અંતર્ગત વધુ એક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેમાં તાલુકાના ભેરડા ગામે ગેરકાયદેસર ખનન કરતા તત્વો સામે પોલીસ અને ખાણ ખનીજ વિભાગે સંયુક્ત કાર્યવાહી કરી કુલ રૂ.૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ડમ્પર અને અસ્કેવેટર સહિતના સાધનો કબ્જે લેવાતા, ખનીજ માફિયાઓમાં ભયનો માહોલ ફેલાયો છે.

રાજકોટ રેન્જના આઈ.જી.પી. નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા, વાંકાનેર પોલીસ ઈન્સ્પેક્ટર બી.વી. પટેલ, પીએસઆઈ ડી.વી. ખાંભલા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ગેરકાયદેસર ખનીજ વહન કરતા અને જરૂરી કાગળો વિના ચાલતા વાહનોને રોકી એમ.વી. એક્ટ કલમ ૨૦૭ મુજબ ડિટેઈન કરવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે કેટલાક વાહનો રોયલ્ટી પાસ કે પરમિટ વિના ખનીજ વહન કરતા હતા, જેના આધારે ખાણ ખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી. બાદમાં ભેરડા ગામે ગેરકાયદેસર ખનનની ચોક્કસ બાતમી મળતા પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમે સ્થળ પર રેઈડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન કુલ ચાર ડમ્પર જેના રજી.નં. જીજે-૩૬-વી-૯૬૯૫, જીજે-૧૩-એડબલ્યુ-૮૧૪૬, જીજે-૦૩-સીયુ-૦૧૦૦ તથા જીજે-૩૬-એક્સ-૬૦૦૯ અને એક કોમાન્ડ કંપનીનું અસ્કેવેટર મશીન સહિત કુલ રૂ.૧.૭૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# જામનગરના જિલ્લા કલેક્ટર તરીકે પી.બી. પંડ્યાએ પદભાર સંભાળ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર તરીકે પી.બી. પંડ્યાએ વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. કલેક્ટર કચેરી ખાતે જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી તેમણે જિલ્લાના મુખ્ય વહીવટી વડા તરીકેની જવાબદારી સ્વીકારી હતી, જ્યાં કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગના વડાઓ દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.પદભાર સંભાળ્યા બાદ નવનિયુક્ત કલેક્ટરએ જિલ્લાની ભૌગોલિક અને વહીવટી પરિસ્થિતિની પ્રાથમિક વિગતો મેળવી હતી તથા સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો અમલ વધુ અસરકારક રીતે થાય અને પ્રજાના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવે તે દિશામાં કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે તંત્રના તમામ વિભાગો સાથે સંકલન સાધીને પારદર્શક અને ગતિશીલ વહીવટ પૂરો પાડવાની ખાતરી આપતા કલેક્ટર વિશેષરૂપે જણાવ્યું હતું કે, આગામી સમયમાં યોજાનાર કોર્પોરેશન, પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીઓ સંપૂર્ણ સફળતાથી અને સુચારૂ રીતે પાર પડે તે વહીવટી તંત્રની મુખ્ય પ્રાથમિકતા રહેશે. જનતાના કામોમાં ઝડપ લાવવા અને વહીવટને વધુ પ્રજાભિમુખ બનાવવાના સંકલ્પ સાથે તેમણે જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવાની નેમ વ્યક્ત કરી હતી. આ પદભાર ગ્રહણ કરવાના પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના નાઠેજ પાટીયા પાસે દારૂ ભરેલી સ્વિફ્ટ કાર ઝડપાઈ

### એલ.સી.બી.ની વોચ સફળ ૧૩૦ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સો કસ્ટડીમાં




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે પ્રોહિબિશન પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટે જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ની કડક સૂચનાના અનુસંધાને ગીર સોમનાથ એલ.સી.બી.એ અસરકારક કાર્યવાહી કરી છે પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. રાજપુત, પી.એસ.આઈ. એ.સી. સિંધવ તથા પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયા ની રાહબરીમાં એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન નાઠેજ ગામના પાટીયા પાસે મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. બાતમીવાળી કારને અટકાવી તપાસ કરતાં કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૩૦ બોટલો મળી આવી હતી.

પોલીસે દારૂ, મોબાઈલ અને કાર સહિત કુલ રૂ. ૨,૦૧,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે પકડાયેલા આરોપીઓમાં ચિરાગ ધીરૂભાઈ મકવાણા અને અક્ષય ભીખાભાઈ બાંભણીયા નો સમાવેશ થાય છે. બંને સામે ઉના પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# જામનગર પંથકમાં જુગારના બે દરોડામાં સાત ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર જિલ્લામાં પોલીસે જુગાર સંબંધિત બે દરોડા પાડ્યાં હતાં. જામનગર શહેરના ન્યુસાધના કોલોની વિસ્તારમાંથી કાટછાપનો જુગાર રમી રહેલાં બે શખ્સોને તેમજ ધ્રોલના દરજી શેરી વિસ્તારમાંથી ગંજીપાનાનો જુગાર રમી રહેલાં પાંચ શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે બન્ને દરોડામાં કુલ ૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સિટી એ ડિવિઝન પોલીસે શહેરના ન્યુ સાધના કોલોની વિસ્તારમાંથી જાહરેમાં કાટછાપનો જુગાર રમી રહેલાં બીપીનભાઇ સોમાભાઇ ચાવડા ઉ.વ.૩૫, રહે.ન્યુ સાધાના કોલોની બ્લોક નં-૫૧ ની બાજુમાં જામનગર આબીદભાઇ યુનુસભાઇ બ્લોચ ઉ.વ.૩૦, રહે.કિશાનચોક, પાછળ મકરાણી જમાત ખાના પાસે જામનગર નામના બે શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે બન્ને શખ્સો પાસેથી રૂા.૩૪૫૦૦ ની રોકડ તથા રૂા.૫૦૦૦ ની કિંમતનો એક ફોન મળી કુલ રૂા.૩૯૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.ધ્રોલ પોલીસ મથકના સ્ટાફે બાતમીના આધારે દરજી શેરીમાં જાહેરમાં જુગાર રમી રહેલાં આમીરહુશેનભાઇ જાવીદભાઇ સુમારીયા ઉ.વ.૨૮, રહે.ધ્રોલ સાત ડેરી, ફુલવાડી રોડ ખાટકીવાસ તા.ધ્રોલ જી.જામનગર, સમીરભાઇ જાવીદભાઇ સુમારીયા ઉ.વ.૨૦, રહે.ધ્રોલ હુશેની ચોક ગાયત્રીનગર પ્લોટ, વિસ્તાર તા.ધ્રોલ જી.જામનગર, અફજલભાઇ ગફારભાઇ કટારીયા ઉ.વ.૨૬, રહે.ધ્રોલ ફુલવાડી રોડ ખાટકીવાસ તા.ધ્રોલ જી.જામનગર, જાહીદશા જમાલશા શાહમદાર ઉ.વ.૫૧, રહ.ધ્રોલ વાણીયા શેરી, તા.ધ્રોલ જી.જામનગર અબાસભાઇ ઈસ્માઈલભાઇ મકરાણી ઉ.વ.૬૧, રહે.ધ્રોલ ખાટકીવાસ મોટા પીરની બાજુમા તા.ધ્રોલ જી.જામનગર) નામના પાંચ શખ્સોને રૂા.૧૦,૦૪૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી ફાયર ટીમની કામગીરીઃ બે અલગ અલગ બનાવોમાં યુવાન અને વૃદ્ધના મૃતદેહ બહાર કાઢ્યા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ફાયર કંટ્રોલ રૂમમાં મળેલા બે અલગ અલગ રેસ્ક્યુ કોલને પગલે ચરડાવા કેનાલ અને ઘૂંટુ ગામના કુવામાંથી એક યુવાન અને એક વૃદ્ધના મૃતદેહને ભારે જહેમત બાદ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

મોરબીમાં આજે સવારે ફાયર કંટ્રોલ રૂમમાં મળેલા બે અલગ અલગ રેસ્ક્યુ કોલના આધારે ફાયર ટીમે ઝડપી કામગીરી કરી બે મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. જેમાં પ્રથમ બનાવ સવારે અંદાજે ૯.૩૦ વાગ્યે નોંધાયો હતો. સેરાજ મહમદ ઉવ.૨૫ જે બિહારના વૈશાલી જીલ્લાના વતની હતા, જેઓ હળવદના ચરડાવા ગામ નજીક આવેલી કેનાલમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં મોરબી અને હળવદ ફાયર ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી અને લગભગ ૨ કલાકની ભારે જહેમત બાદ યુવાનનો મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢ્યો હતો.

જ્યારે બીજો બનાવ સવારે ૧૦.૩૦ વાગ્યે નોંધાયો હતો. જેમાં ભોવનભાઈ માલાભાઈ રાઠોડ ઉવ.૬૮ મોરબી તાલુકાના ઘુંટુ ગામ પાસે તળાવ નજીક આવેલા કુવામાં પડી ગયા હતા. ઘટનાની જાણ થતાં તુરંત મોરબી ફાયર ટીમે સ્થળ પર પહોંચી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી અને અંતે વૃદ્ધનો મૃતદેહ કુવામાંથી બહાર કાઢ્યો હતો.

# ઉનાના ખાપડ ગામે રામદેવપીર મહારાજના મંડપમાં કોળી સેના પ્રમુખ દીપાબેને હાજરી આપી




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉનાના ખાપટ ગામ મુકામે ગામ સમસ્ત આયોજિત રામદેવપીર મહારાજના મંડપના વિશાળ આયોજન કરવામાં આવતા ગીર સોમનાથ/ જૂનાગઢ જીલ્લા કોળીસેના પ્રમુખ શ્રીમતિ દીપાબેન બાંભણીયા, ગીર સોમનાથ જીલ્લા કોળીસેના મહામંત્રી બાબુભાઈ સોલંકી, કોળીસેના ઊના શહેર પ્રમુખ ભાવેશભાઈ સોલંકી તેમજ મયુરભાઈ ડાભી સહિતના ઉપસ્થિત રહી, રામદેવપીર મહારાજના મંડપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને આયોજકોને મળીને આવા ધાર્મિક વિશાળ આયોજન માટે શુભકામના પાઠવી હતી. આયોજન કરતા મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા તેમજ જુનાગઢ જિલ્લા તેમાં ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સન્માન કર્યું હતું

# ટંકારાના હીરાપર નજીક ટ્રક-બાઈક અથડામણમાં બાઈક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા નજીક હીરાપર ગામ પાસે બાઇક ચાલકે પોતાનું વાહન બેફામ ગતિએ ચલાવી આવી સામેથી આવતા ટ્રકમાં ભટકાડી દીધું હતું. ત્યારે ટ્રક અને બાઈક વચ્ચે થયેલા આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હાલ ટ્રક ચાલકની ફરિયાદનેબાધારે ટંકારા પોલીસે આરોપી મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ટંકારા તાલુકાના હીરાપર ગામ નજીક લતીપર-ટંકારા રોડ પર તા. ૨૯ માર્ચના રોજ બપોરે ટ્રક અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માત અંગેની મળતી માહિતી મુજબ, ટ્રક ડ્રાઈવર મુસ્તાક ઉર્ફે મુક્કદર મુસાભાઈ પટેલ રહે.શીરપુર જી.ધુલીયા રાજ્ય-મહારાષ્ટ્ર પોતાનો ટ્રક રજી.નં. એમએચ-૧૮-એપી-૭૮૯૧ લઈને મોરબી તરફ જતો હતો, ત્યારે સામે તરફથી આવી રહેલ હોન્ડા સાઈન મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-ડી-૨૩૦૮ના ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક પોતાનું બાઇક ચલાવી ટ્રકના કેબીનના ડાબા બમ્પર સાથે અથડાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક હિતેષભાઈ હીરાભાઈ પરમાર રહે. નેસડા(સુ) તા. ટંકારા વાળાને માથા સહિત શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. હાલ અકસ્માત અંગે પોલીસે આરોપી મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી અજય લોરીયા વિરુદ્ધ ઉદ્યોગકારો-સમાજના આગેવાનો એકજૂટ, પોલીસવડાને આવેદનપત્ર આપ્યું

### ઉદ્યોગપતિ ઉપર જીવલેણ હુમલાની ઘટનામાં ન્યાયની માંગ, સાથે સાથે અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓના ગંભીર આક્ષેપ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીરામીક એસોસિએશન સહિત વિવિધ સંગઠનો, ઉદ્યોગકારો અને સમાજના આગેવાનો દ્વારા જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી અજય લોરીયાની ક્રાઇમ કુંડળીની તપાસ અને ઉદ્યોગપતિ ઉપર થયેલા હુમલામાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પાટીદાર યુવા સેવા સંઘના મનોજ પનારા સહિતનાઓએ ગંભીર આક્ષેપો લગાવી ત્વરિત પગલાં લેવા અપીલ કરી છે.

મોરબીમાં અજય લોરીયા વિરુદ્ધ વિરોધનો માહોલ ગરમાયો છે. મોરબી સીરામીક એસોસિએશન તથા તેની સાથે જોડાયેલા વિવિધ એસોસિએશનોના પ્રમુખો, વડીલો, ઉદ્યોગકારો તેમજ પાટીદાર સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો દ્વારા મોરબી જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનમાં મેટ્રો ગ્રુપના ઉદ્યોગપતિ શેખરભાઈ અને તેમના મિત્ર ઉપર થયેલા જીવલેણ હુમલા મામલે ન્યાય આપવા સાથે અજય લોરીયાની સંપૂર્ણ ક્રાઇમ કુંડળીની તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

આ તકે પાટીદાર યુવા સેવા સંઘના મનોજ પનારાએ કડક શબ્દોમાં આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, અજય લોરીયા અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે અને લાંબા સમયથી અસામાજિક તત્વોની ગેંગ ચલાવી રહ્યો છે. તેમણે વધુમાં આરોપ મૂક્યો કે સટ્ટાબાજી, ગેરકાયદેસર ટ્રેડિંગ, જમીન કબજો, હનીટ્રેપ, જુગાર અને અન્ય અનેક પ્રવૃત્તિઓમાં તેનો હાથ છે. મનોજ પનારાના જણાવ્યા મુજબ, અજય લોરીયાની સાથે ૩૫થી ૪૦ લોકોની ટોળકી કાર્યરત હોવાનું પણ કહેવાયું છે અને અનેક ગેરકાયદેસર ધંધાઓમાં તેની ભાગીદારી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

આગેવાનોનું કહેવું છે કે, જો સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો અનેક ગેરકાયદેસર કારોબાર અને ગુનાહિત પ્રવૃત્તિઓ બહાર આવી શકે છે. હાલ મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા ખાતરી આપવામાં આવી કે, તમામ ગેરકાયદેસરની પ્રવૃત્તિઓની તપાસ કરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ અજય લોરીયાની જાળમાં ફસાયેલા હોય તેઓ નિર્ભયપણે સામે આવે અને અજય લોરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવે. તમામ કેસની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે તેમ પોલીસવડા દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું.

# ઉનાના પાતાપુર ગામે સિંહણ ગાયનો શિકાર ન કરી શકી

### ગાય માતાએ બે સિંહણોને હંફાવીઃ દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થયા



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના પાતાપુર ગામ હાલ ચર્ચાનો વિષય બન્યું છે એક ગાય માતાએ બે સિંહણને અફાવી તેવા દ્રશ્ય સામે આવ્યા છે પાતાપુર ગામ તથા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાં જંગલ વિસ્તાર છે જેને લઈને વન્ય પ્રાણીઓની અવરજવર વધતી હોય છે અને વન્ય પ્રાણીઓ ગ્રામ્ય વિસ્તારમાં આવી જતા હોય છે વન્ય પ્રાણીઓ ગામમાં આવે તે સાવ સામાન્ય બન્યું છે ત્યારે મોડી રાત્રે પાધલપુર ગામમાં બે સિંહણ આવી પહોંચી અને ગાયમાતને શિકાર કરવાની કોશિશ બહુ કરી પણ ગાય માતાએ બે સિંહણને અફાવી તેનો વિડીયો સીસીટીવી માં થયો અને સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ત્યાગ ચર્ચાનો વિષય બન્યો છે

# રાજકોટ રેલવે ડિવિઝને નવો ઈતિહાસ રચ્યો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૭૧૧ કરોડની રેકોર્ડ આવક હાંસલ

## ગુડ્સ ટ્રેન મારફતે માલ સામાનના લોડિંગમાં ૧૧ વર્ષનો રેકોર્ડ તૂટ્યો; કુલ આવકમાં ૨૫૫ કરોડનો જંગી વધારો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દૃષ્ટિએ સતત નવા સીમાચિહ્નો સ્થાપિત કરી રહ્યું છે. ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને કુલ ૨૭૧૧.૦૬ કરોડની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે. આ આવક નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક આવક ૨૪૫૫.૯૪ કરોડની સરખામણીમાં ૧૦.૪૩% એટલે કે ૨૫૫.૧૨ કરોડ વધુ છે. કુલ ૨૭૧૧.૦૬ કરોડની આવકમાં ગુડ્સ ટ્રેન મારફતે માલ સામાનના લોડિંગ (માલભાળા) માંથી સૌથી વધુ ૨૨૩૮.૩૪ કરોડ, મુસાફરોની આવકમાંથી ૪૩૭.૪૩ કરોડ અને પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી ૩૫.૦૯ કરોડનું યોગદાન રહ્યું છે.

ડિવિઝને ગુડ્સ ટ્રેન મારફતે માલ સામાનના લોડિંગ ક્ષેત્રમાં છેલ્લા ૧૧ વર્ષના તમામ રેકોર્ડ તોડીને ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. આ માધ્યમથી પ્રાપ્ત થયેલ ૨૨૩૮.૩૪ કરોડની આવક ગયા વર્ષના ૨૦૨૭.૨૭ કરોડની સરખામણીમાં ૧૦.૪૧% (૨૧૧.૦૭ કરોડ) વધુ છે. તેવી જ રીતે, ડિવિઝને આ વર્ષે ૧૧.૯૫ મિલિયન ટન માલ સામાનનું લોડિંગ કર્યું છે, જે ગયા વર્ષના ૧૦.૮૧ મિલિયન ટન કરતા ૧૦.૬૦% વધુ છે. સંચાલન ક્ષમતાનો પુરાવો આપતા ડિવિઝને દરરોજ સરેરાશ ૫૭૪ વેગનનું લોડિંગ કર્યું છે, જે ગયા વર્ષની ૫૨૨ વેગનની સરેરાશ કરતા ૧૦% વધુ છે.

મુસાફરોની સુવિધા અને આવકમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૩૭.૪૩ કરોડની મુસાફર આવક મેળવી છે, જે ગયા વર્ષના ૩૯૮.૪૮ કરોડની સરખામણીમાં ૯.૭૭% (૩૮.૯૫ કરોડ) વધુ છે. મુસાફરોની સંખ્યામાં પણ મોટો ઉછાળો આવ્યો છે; આ વર્ષે આશરે ૧.૩૦ કરોડ મુસાફરોએ રાજકોટ ડિવિઝનમાંથી મુસાફરી કરી છે, જે ગયા વર્ષના ૧.૧૨ કરોડ મુસાફરોની સરખામણીમાં ૧૫.૯૪% નો વધારો દર્શાવે છે. આ ઉપરાંત, ટ્રેનોના સમયસર સંચાલનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ડિવિઝને ૯૫.૨૩% સમયપાલન હાંસલ કર્યું છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ આ ગૌરવશાળી સિદ્ધિનો શ્રેય વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓની સખત મહેનત અને નિષ્ઠાને આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ ટીમ વર્કના કારણે જ ડિવિઝને દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી છે અને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

# રાજકોટ મનપાની ચૂંટણી લડવા ભાજપના દાવેદારોનો રાફડો ફાટ્યો

## ૧૨ વોર્ડની સેન્સ પ્રક્રિયા દરમિયાન ૬૫૬ લોકોએ દાવેદારી નોંધાવી, વોર્ડ નંબર ૭માં સૌથી વધુ ૭૭ દાવેદાર








**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિક સહિત રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો નક્કી કરવા માટે બે દિવસ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજે પ્રથમ દિવસે ૧૨ વોર્ડની સેન્સ લેવામાં આવી હતી. જેમાં ઉમેદવારી માટે દાવેદારોનો જાણે રાફડો ફાટ્યો હોય તે રીતે ૬૫૬ લોકોએ દાવેદારી કરી છે. સૌથી વધુ વોર્ડ નંબર ૭માં ૭૭ દાવેદારો સામે આવ્યા છે. બાકી રહેલા ૬ વોર્ડની ગુરુવારે સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે.

આજે સવારે બાકી રહેલા વોર્ડ નંબર ૯,૧૦,૧૧,૧૨,૧૬ અને ૧૮ માટે નિરીક્ષકો દ્વારા દાવેદારોને સાંભળવામાં આવશે.

આ સેન્સ પ્રક્રિયા વચ્ચે રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અતુલ પંડિતનું સ્ટેટ્સ ચર્ચામાં આવ્યું છે. કારણ કે અતુલ પંડિત દ્વારા પોતાના વોટ્સએપ સ્ટેટ્સમાં લખવામાં આવ્યું કે આજે કેટલાક મૂર્ખ બનશે, કેટલાક મૂર્ખ બનાવશે.આપનું જીવન મંગલમય રહો.

રાજકોટ મનપાની ચૂંટણીને લઇ ચાલી રહેલી સેન્સ પ્રક્રિયામાં આજે વોર્ડ નંબર ૨માંથી બાલુબેન અનિલભાઈ મકવાણાએ દાવેદારી કરી છે. બાલુબેન મકવાણા પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાના પત્ની છે અને અનિલભાઈ મકવાણા સામે તાજેતરમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા અને તેઓ બાંધકામની સાઈટ ઉપર અરજી કરી બાદમાં રૂપિયાની માંગણી કરતા હોવાના આક્ષેપો પણ થયા હતા. જો કે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં બાલુબેનએ જણાવ્યું હતું કે પતિ સેમ થયેલ આક્ષેપ વિષે હું કશું જાણતી નથી પરંતુ અમે ૨૦ વર્ષથી પાર્ટી સાથે સંકળાયેલા છીએ પાર્ટીનું કામ કરીએ છીએ માટે આજે મેં દાવેદારી નોંધાવી છે અને ટિકિટ મળે તેવી અપેક્ષા છે.

૯ નિરીક્ષકમાં રાજ્ય સરકારના મંત્રી દર્શનાબેન વાઘેલા, જીતુભાઈ પટેલ, જીમેશભાઈ સેવક, પૂર્વ સાંસદ ભાવનાબેન, યુવા મોરચાના મહામંત્રી ડો.નરેશ દેસાઈ, રાજેન્દ્રભાઈ પટેલ, નટુજી ઠાકોર, સુરેશભાઈ પટેલ અને સીતાબેન પટેલ ઉપસ્થિત રહી દાવેદારોને સાંભળી ૧૮ વોર્ડની યાદી બનાવી પ્રદેશમાં મોકલી આપશે. સેન્સ પ્રક્રિયા માટે શહેર ભાજપ દ્વારા દરેક વોર્ડના કાર્યકર્તાઓને સૂચના આપવામાં આવી છે.

આ માટે સક્રિય સભ્ય નંબર અને કોર્પોરેશનની મતદારયાદીના ભાગ ક્રમ નંબર તેમજ ચુંટણી કાર્ડ સાથે રાખવા સુચના આપવામાં આવી છે. એટલું જ નહી આરક્ષિત સીટ માટે પ્રમાણપત્ર, ભુતકાળમાં કોઈ પણ જાતના ગુના હોય તો પોલીસ વિગત કે રિપોર્ટ સાથે જોડવું જરૂરી છે. નિરીક્ષકો સમક્ષ માત્ર વ્યક્તિગત રજૂઆત જ કરવાની રહેશે. સમર્થકોના જૂથ સાથે રજૂઆત કરવા મનાઈ ફરમાવવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# વીજ થાંભલા ઉપર રીપેરીંગ કરતા યુવાનનું વીજશોકથી મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બેડી ખારી વિસ્તારમાં વીજ થાંભલા પર સમારા કામ કરવા માટે ચડેલા એક યુવાનને વિજ આંચકો લાગતાં દુર્ઘટનાને કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પાડોશીના ઘરમાં લાઈટ ચાલી ગઈ હોવાથી યુવાન લાઈટ ચાલુ કરવા માટે ગયો હતો આ વિજ થાંભલા પરથી અકસ્માતે નીચે પટકાઈ પડ્યા પછી મોત નિપજ્યું હોવાનું નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી મળેલી માહિતી મુજબ બેડી ખારી વિસ્તારમાં રહેતા અને ઈલેક્ટ્રીક કામ કરતા હારુન સુલેમાનભાઈ કકલ જે તેઓના પાડોશીના ઘરમાં લાઈટ ગઈ હોવાથી નજીકના વિસ્તારમાં આવેલા વિજ થાંભલા પર ચડીને સમારકામ કરી રહ્યા હતા.જે દરમિયાન એકાએક ઈલેવન કે.વી.ની હેવી વિજ લાઈન માંથી વિજ આંચકો લાંગતાં નીચે પટકાઈ પડ્યા પછી તેનું મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવ અંગે મૃતક ના મોટાભાઈ અબ્બાસભાઈ સુલેમાનભાઈએ પોલીસને જાણ કરતાં બેડી મરિન પોલીસ સ્ટેશનનો સ્ટાફ સૌપ્રથમ બનાવના સ્થળે અને ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા અને હારૂનના મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે. તેમજ પી.જી.વી.સી.એલ.ની ટીમ પણ આ બાબતે તપાસ કરી રહી છે.

# ઓટીઝમ અવેરનેસ ડે' ની પૂર્વ સંધ્યાએ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કરાઇ ઉજવણી

## બાળકોને ફન ગેમ તેમજ વાલીઓને ઓટિઝમ અંગે માર્ગદર્શન અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ સ્થિત ડીસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન કેન્દ્ર ખાતે 'ઓટીઝમ અવેરનેસ ડે' ની પૂર્વ સંધ્યાએ કરવામાં આવેલી વિશેષ ઉજવણીમાં સેન્ટરમા થેરાપી માટે આવતા ૪૦ જેટલા બાળકોએ તેમજ તેમના વાલીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

બાળકોને મ્યુઝિકલ ચેર, અવરોધ પાર કરવાની ગેમ, કલરવ-ળા પંજા કરીને છાપવાની એક્ટિવિટી, ફુગ્ગા અને દડાનુ રમત, બાળગીત ઉપર ડાન્સ, સેલ્ફી પોઇન્ટ પર સેલ્ફી સહિતની ફન ગેમ અને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે બાળકોને ડ્રોઈંગ અને કલરિંગ કીટ ગિફ્ટ આપવામાં આવી હતી. વાલીઓને ઓટીઝમના બાળકની સંભાળ કઈ રીતે રાખવી તે માટેના પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યા હતાં. વાલીઓએ થેરાપિસ્ટને મળી તેમના બાળકો અંગે વિશેષ માર્ગદર્શન મેળવ્યું હતું. વાલીઓએ થેરાપીથી થતા ફાયદા અંગે પરામર્શ કર્યો હતો. જયારે બાળકોએ એકબીજાને ઓટિઝમ અવેરનેસ રીબીન પણ પહેરાવી હતી.

સિવિલ અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ અતિથિ તરીકે ઉપસ્થિત રહી સૌ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમમાં બાળકોના વિભાગના ડો. પંકજ બુચ , ડી. આઇ.સી. ના ડો. આરતી, ડો. અમિતાએ ઓટીઝમ વિશે વાલીઓને માહિતગાર કર્યા હતાં. કાર્યક્રમમાં સેન્ટરના પ્રશિક્ષકો, સભ્યો, આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસરો સહભાગી બન્યા હતાં.

# રાજ્ય સરકાર દ્વારા ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની સીધી ખરીદી કરાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે બાજરી રૂ. ૨૭૭૫. પ્રતિ કવી. જુવાર-માલદંડી માટે રૂ. ૩૭૪૯. પ્રતિ ક્વી,જુવાર-હાઈબ્રીડ માટે રૂ. ૩૬૯૯.પ્રતિ કવી તથા મકાઈ માટે રૂ. ૨૪૦૦.પ્રતિ ક્વી લઘુત્તમ ટેકાનો દર નિયત કરવામાં આવ્યો છે. ખેડૂતોને મહત્તમ ટેકાના ભાવનો લાભ મળી રહેવા પામે તે માટે બાજરી તેમજ જુવારની ખરીદી ઉપર ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦.પ્રતિ ક્વિ. બોનસની ચુકવણી કરવામાં આવશે.

જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહેવા પામે રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.મારફતે કરવામાં આવશે.લઘુતમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ મારફતે.તા ૩૦/૦૪/૨૦૨૬ સુધી કરવામાં આવશે.તેમજ બાજરી, જુવાર તથા મકાઈ ની ખરીદી તા.૧૫/૦૭/૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂતો મિત્રોને અપીલ કરવામાં આવે છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમૂનો, ૭.૧૨,૮.અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭.૧૨ કે ૮.અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ.ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ નહી કરવામાં આવે.નોંધણી બાબતે કોઇ મુશકેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. તેમ જામનગર જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં દત્તક લીધેલ વિદ્યાર્થિનીને મુસ્કાન વેલ્ફેર સોસાયટીએ આપ્યો સહયોગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની મુસ્કાન વેલફેર સોસાયટીએ દત્તક લીધેલી નર્સિંગની વિદ્યાર્થિનીની બીજા વર્ષના સેમેસ્ટરની ફી ચૂકવીને તેના અભ્યાસને સતત સહયોગ આપી વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધારવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સમાજસેવામાં અગ્રેસર મોરબીની મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા શિક્ષણક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કરવામાં આવી રહ્યુ છે. સંસ્થાએ અગાઉ દત્તક લીધેલી એક નર્સિંગની વિદ્યાર્થિનીના પ્રથમ વર્ષના અભ્યાસની સંપૂર્ણ ફી ભર્યા બાદ હવે બીજા વર્ષના પ્રથમ સેમેસ્ટરની ફી પણ ચૂકવીને તેની શિક્ષણયાત્રાને મજબૂત બનાવી છે. આ વિદ્યાર્થિની આર્થિક સંજોગોને કારણે અભ્યાસમાં અવરોધનો સામનો કરી રહી હતી, પરંતુ સંસ્થાના સહયોગથી હવે તે નિરાંતે પોતાના નર્સિંગ અભ્યાસને આગળ વધારી રહી છે. સંસ્થાનું આ કાર્ય માત્ર આર્થિક મદદ પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ અને પ્રેરણા વધારતું મહત્વપૂર્ણ પગલું છે. મુસ્કાન વેલફેર સોસાયટીના સભ્યોના જણાવ્યા મુજબ, શિક્ષણ સમાજના વિકાસનો આધારસ્તંભ છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવી એ તેમની મુખ્ય પ્રાથમિકતા છે. આ સાથે સંસ્થાએ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો સતત ચાલુ રાખવાની અને વધુ વિદ્યાર્થીઓને મદદ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# હળવદના દીઘડીયા પાસે બે બાઈક વચ્ચેના અકસ્માતમાં એકનું મોત, બે ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના દીઘડીયા ગામ નજીક ફૂલ સ્પીડે આવતા મોટર સાયકલ સામેથી આવતા અન્ય મોટર સાયકલ સાથે અથડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતના બનાવમાં બાઇક પાછળ બેઠેલ એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે બન્ને બાઈકને ચાલક ઘાયલ થયા હતા. હાલ અકસ્માતના બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હળવદ તાલુકાના દીઘડીયા ગામ નજીક ભલગામડા-દીઘડીયા રોડ ઉપર બનેલા અકસ્માતમાં બે મોટરસાયકલ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. જે અકસ્માત બાબતે હળવદ પોલીસ મથકમાં દીઘડીયા ગામે રહેતા બાબુભાઈ નથુભાઈ કાંજીયા ઉવ.૬૦ની ફરિયાદ મુજબ, ગત તા.૧૫/૦૩ના રોજ ફરિયાદી બાબુભાઇ પોતાના નાનાભાઈ ખોડાભાઈ સાથે બાઈક રજી.નં. જીજે-૦૬-સીક્યુ-૯૨૪૯ ઉપર જતા હતા ત્યારે દીઘડીયા-ભલગામડા રોડ ઉપર સામેથી આવી રહેલ બાઈક રજી.નં. જીજે-૦૩-એફએચ-૯૪૬૦ના ચાલકે પોતાનું બાઇક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી આવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં બાબુભાઈને માથા અને હાથમાં ઈજા પહોંચી હતી, જ્યારે તેમના નાનાભાઈ ખોડાભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં આરોપી બાઈકચાલક પણ ઘાયલ થયો હતો. ત્યારે અકસ્માતમાં ઈજાગ્રસ્તોને પ્રથમ હળવદ સરકારી હોસ્પિટલ અને બાદમાં સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ખોડાભાઈનું મોત થયું હતું. બનાવ અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી) પોલીસે દેશી બનાવટની જામગરી બંદુક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



માળીયા(મી) વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે રાયસંગપર રોડ પરથી એક શખ્સને દેશી બનાવટની જામગરી બંદુક સાથે ઝડપી પાડી તેની વિરુદ્ધ હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

માળીયા(મી) પોલીસ મથકના પીઆઇના મારદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતી પેટ્રોલિંગની કામગીરી દરમિયાન મહત્વપૂર્ણ સફળતા મળી છે. જેમાં મળેલી બાતમીના આધારે રાયસંગપર ગામ તરફ જવાના રસ્તા પાસે શંકાસ્પદ હાલતમાં એક ઇસમ મળી આવ્યો હતો. તપાસ કરતા તેના પાસેથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિ.રૂ.૨,૫૦૦/-મળી આવી હતી, આ સાથે પોલીસે આરોપી અસગરભાઈ રમજાનભાઈ મોવર રહે. કાજરડા ગામ તા. માળીયા(મી) વાળાની અટકાયત કરવામાં આવી હતી. હાલ માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીના રવાપર રોડ પર વીજશોક લાગતા આશાસ્પદ યુવકનું મોત

મોરબીના રવાપર રોડ વિસ્તારમાં વીજશોક લાગતા ૨૦ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન દુખદ મોત નીપજ્યું છે. હાલ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. મોરબી શહેરના આલાપ રોડ ઉપર શિવસૃષ્ટિ એપાર્ટમેન્ટમાં રહેતા પાર્થ બળવંતભાઈ ભાડજા ઉવ.૨૦ને રવાપર ગામના પાદરમાં વીજશોક લાગતા તેને તાત્કાલિક સારવાર માટે મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન આશાસ્પદ યુવકનુ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ અંગે હાજર તબીબ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા આવતા મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

# લૂંટાવદર ગામે રહેણાંકમાં ચાલતી જુગારની મીની ક્લબ ઝડપાઈ, ૬ જુગારી ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે લૂંટાવદર ગામે એક રહેણાંક મકાનમાં ચાલતી જુગારની મીની ક્લબ ઉપર રેઈડ કરી ૬ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ દરોડામાં રોકડ રૂ. ૯૬ હજારથી વધુ અને ૬ નંગ મોબાઇલ સહિત કુલ રૂ.૧.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકાના લૂંટાવદર ગામમાં પોલીસે જુગાર વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને બાતમી મળી કે, લૂંટાવદર ગામે પ્રદિપસિંહ સહદેવસિંહ ઝાલા પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે નાલ ઉઘરાવી જુગાર રમી રમાડતો હોવાની બાતમીના આધારે રેઈડ પાડવામાં આવી હતી. રેઈડ દરમિયાન રહેણાંકમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા (૧)પ્રદીપસિંહ સહદેવસિંહ ઝાલા ઉવ.૨૭ રહે.લૂંટાવદર તા.જી.મોરબી મૂળ રહે.અદેપર તા.જી.મોરબી, (૨)જયેન્દ્રસિંહ ઉર્ફે જયુભા જીલુભા જાડેજા ઉવ.૬૧ રહે. લૂંટાવદર તા.જી.મોરબી, (૩)હરેશભાઈ રાઘવજીભાઈ સિણોજીયા ઉવ.૫૫ રહે.ચાચાવદરડા તા. માળિયા(મી), (૪)નરેન્દ્રભાઈ કરશનભાઈ ફુલતરીયા ઉવ.૫૩ રહે.પંચાસર રોડ ઉમા રેસીડેન્સી મોરબી, (૫)દિનેશભાઈ છગનભાઈ ઝાલરીયા ઉવ.૫૩ રહે.લૂંટાવદર તા.જી.મોરબી તથા (૬)મહેન્દ્રસિંહ ભીખુભા વાઘેલા ઉવ.૫૬ રહે.યદુનંદન-૦૩ કેનાલ રોડ મોરબી વાળા રોકડા રૂ.૯૬,૯૨૦/- તથા ૦૬ નંગ મોબાઇલ ફોન કિ.રૂ.૮૦,૫૦૦/- સહિત કુલ રૂ.૧,૭૭,૪૨૦/- ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. હાલ તાલુકા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગરના પંચવટીમાં બ્રાસસ્ક્રેપના વેપારી યુવાન ઉપર ચાર શખ્સોનો જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જૂની અદાવતનો ખાર રાખી યુવાન ઉપર કાર ચડાવી દેવાનો પ્રયાસ કર્યા બાદ છરીના પાંચ ઘા માર્યા ગંભીર ઇજા પહોંચાડી હત્યાની કોશીષ અંગે નોંધાયો ગુન્હો ઇજાગ્રસ્તના ભાઇએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીઓને ઝડપી લેવા કરી તજવીજ.જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર પ્રથમ થાર કાર ચડાવી દેવાનો પ્રયાસ કરાયા બાદ યુવાનને પકડી છરીના પાંચ ઘા અને ઢીકાપાટુનો માર મારી હત્યાની કોશિસ કરાઇ હતી. જે મામલે પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અન્ય એજન્સીઓમાંથી ચોકલેટ લઈને રીટેઈલ દુકાનોમાં વેચાણ કરવાનો વ્યવસાય કરતા રાજેંદ્રસીંહ પ્રવિણસિંહ વાળા (ઉં.વ.-૩૨ ધંધો-વેપાર રહે-રામેશ્વર નગર નંદન પાર્ક ૦૧) એ પોતાના ભાઇ વનરાજસિંહ ઉપર જીવલેણ હુમલા મામલે આરોપી ક્રિપાલસિંહ વનરાજસિંહ રાણા અને સરદારજી તથા બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવાયા અનુસાર આજથી આશરે એકાદ વર્ષ પહેલા ક્રિપાલસિંહના ભાઈ શક્તિસિંહેએ ફરિયાદીના ભાઈ વનરાજસિંહ પાસે રૂપિયા માંગ્યા હતા. જેને રૂપિયા આપ્યા ન હોવાથી આ બાબતે તેઓને અગાઉ ઝઘડો થયો હતો.

જે જુની અદાવતનો ખાર રાખી આ ક્રીપાલસિંહ તથા સરદારજી તરીકે ઓળખાતો શખ્સ અને બે અજાણ્યા.શખ્સો એક થાર કારમાં આવ્યા હતા.બાદમાં કાર પુરઝડપે રિવર્સમાં ચલાવી વનરાજસિંહ ઉપર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન વનરાજસિંહ ભાગવા જતા તેમને એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પકડી લઈ ક્રીપાલસિંહે છરી વડે હુમલો કર્યો હતો. છરીના પાંચ ઘા મારી આરોપી ક્રિપાલે કહ્યું કે આજ તો તને પતાવી જ દેવો છે. ડાબા હાથમાં, માથા, કપાળના ભાગે ઘા માર્યા હતા. તથા તેની સાથે રહેલા સરદારજી અન્ય શખ્સોએ માર મારી ગાળો આપી જીવલેણ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની કોશીષ કરી હતી.

# મોરબીમાં ગેસના ભાવમાં બમણાથી વધુનો વધારો, ૧૬૧ વોલ ટાઈલ્સ યુનિટો વધુ એક માસ માટે બંધ

## વોલ ટાઈલ્સ એસોસિએશનની મીટિંગમાં નિર્ણય, ૧ મે સુધી ઉત્પાદન બંધ રખાશે, ગેસના ભાવ ૪૧થી વધીને ૯૨ રૂપિયા






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સિરામિક ઉદ્યોગ પર ગેસના ભાવમાં થયેલા બમણાથી વધુ વધારાનો ભારે પ્રભાવ પડ્યો છે. વોલ ટાઈલ્સ એસોસિએશનની બેઠકમાં ૧૬૧ યુનિટો ૧ મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ગેસના ઊંચા ભાવ, પ્રોપેન-એલપીજી સપ્લાય બંધ અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના કારણે ઉદ્યોગ સંકટમાં મુકાયો છે.

મોરબી જે વિશ્વભરમાં સિરામિક ઉદ્યોગ માટે જાણીતા સીટી તરીકે ઓળખાય છે, ત્યાં હાલ ગેસના ભાવમાં થયેલા ભારે વધારાને કારણે ઉદ્યોગ ઉપર ગંભીર અસર પડી છે. મોરબી વોલ ટાઈલ્સ એસોસિએશનની તાજેતરમાં યોજાયેલી મીટિંગમાં ૧ મે સુધી તમામ ૧૬૧ વોલ ટાઈલ્સ યુનિટોને બંધ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ સંઘાતના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ઉદ્યોગકારોએ ગેસના વધતા ભાવ અને સપ્લાય સમસ્યાઓ અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી. અગાઉ ગેસનો ભાવ રૂ.૪૧.૫૦ હતો, જે વધીને હાલ રૂ.૯૨ સુધી પહોંચ્યો છે, એટલે કે બમણાથી પણ વધુ વધારો નોંધાયો છે. આટલો ભારે ભાવવધારો ઉદ્યોગકારો માટે અસહ્ય બન્યો છે.

ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી માસમાં આશરે ૨૦ લાખ ક્યુબિક મીટર ગેસનો ઉપયોગ લગભગ ૨૦૦ યુનિટો દ્વારા થતો હતો, જ્યારે અન્ય યુનિટો પ્રોપેન અને એલપીજીનો ઉપયોગ કરતા હતા. હાલ પ્રોપેન અને એલપીજીની સપ્લાય સંપૂર્ણ રીતે બંધ હોવાથી સ્થિતિ વધુ ગંભીર બની છે. હાલમાં માત્ર ૪૦ જેટલા યુનિટો જ ચાલુ છે, જ્યારે બાકીના તમામ યુનિટો બંધ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાન-અમેરિકા અને ઇઝરાયલ વચ્ચેના તણાવને કારણે ગેસ સપ્લાય પર અસર પડી છે, જેના કારણે માર્ચ મહિનાથી જ સિરામિક ઉદ્યોગ મુશ્કેલીમાં આવી ગયો હતો. ૧૫ માર્ચ પછીથી મોટાભાગના યુનિટો બંધ કરવાની ફરજ પડી હતી અને હવે એપ્રિલ માસથી ભાવવધારા બાદ સંપૂર્ણ બંધનો નિર્ણય લેવાયો છે.

ઉદ્યોગકારોએ વધુમાં જણાવ્યું હતું કે, ગલ્ફ દેશોમાં આશરે ૨૫ ટકા એક્સપોર્ટ થતો હતો, પરંતુ વધતા ખર્ચને કારણે હવે ચીન સામે સ્પર્ધા કરવી મુશ્કેલ બની છે. જો ગેસના ભાવમાં ઘટાડો થાય અથવા સરકાર દ્વારા વેટમાં રાહત આપવામાં આવે તો જ ઉદ્યોગ ફરીથી શરૂ કરી શકાય તેવી સ્થિતિ સર્જાશે.

# રાજકોટમાં બદલી થઇ આવેલા ૧૨ પીઆઇની વિવિધ પોલીસ સ્ટેશનમાં નિમણૂંક કરાઇ

### શહેરમાં ફરજ બજાવતા સાત પીઆઈની અરસપરસ પોલીસ મથકોમાં બદલી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત સપ્તાહે રાજયના ગૃહ વિભાગ દ્વારા ૭૭૨ બિનહથીયારી પોલીસ ઇન્સ્પેકટરોની બદલીનો હુકમ કરવામાં આવ્યો હોય જેમાં રાજકોટમાંથી ૨૦ પીઆઈની અન્ય જીલ્લાઓમાં બદલી કરાઇ હતી. સાથેસાથે અન્ય જિલ્લાઓમાંથી રાજકોટ શહેરમાં ૧૯ પીઆઇને મુકવામાં આવ્યા હતા. જેના પગલે ગઇકાલે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા બદલી થઇને આવેલા ૧૨ પીઆઇઓને વિવિધ પોલીસ સ્ટેશનમાં નિમણૂંક અપાઇ હતી. જયારે રાજકોટ શહેરમાં ફરજ બજાવી રહેલા સાત પીઆઇને અરસપરસ પોલીસ મથકોમાં બદલી કરવામાં આવી છે.

જેમાં ખેડાથી બદલી થઇને આવેલા પીઆઇ જયેશ વક્માતભાઇ વાઢીયાને એ-ડિવિઝન, તાપીથી બદલી થઇને આવેલા શક્તિસિંહ પ્રતાપસિંહ સોઢાને થોરાળા, દેવભૂમિ દ્વારકાથી આવેલા મનીષ દાસાભાઇ મકવાણાને પ્ર.નગર, સુરત શહેરથી જીજ્ઞેશકુમાર જયરામભાઇ હળવદીયાને ટ્રાફિક, દેવભૂમિ દ્વારકાથી કુમારપાલસિંહ કરણસિંહ ગોહિલને AHTU , વડોદરા શહેરથી આવેલા જયદિપસિંહ દિલીપસિંહ પરમારને ભક્તિનગર, સુરત શહેરથી આવેલા મહેશ બાવનજીભાઇ વાછાણીને લાયસન્સ બ્રાન્ચ, ભરૂચથી આવેલા સુભેદ્ર દુર્લભજી કુલતરીયાને સાયબર ક્રાઇમ, જૂનાગઢથી આવેલા મહિલા પીઆઇ હર્ષાબેન પબુદાન ગઢવીને ગાંધીગ્રામ, સોરઠ ચોકીથી આવેલા રમેશભાઇ દાનાભાઇ પરમારને એમઓબી, ગીરસોમનાથથી આવેલા ડો.અનસુરીયા લક્ષ્મણભાઇ વરચંદને ખાસ શાખા અને પંચમહાલથી બદલી થઇને આવેલ મહિલા પીઆઇ શિતલ બળવંતભાઇ બુટીયાને મહિલા પોલીસ સ્ટેશનમાં નિમણૂંક આપવામાં આવી છે.

જયારે અગાઉથી રાજકોટ શહેરમાં ફરજ બજાવતા બિનહથીયારી પોલીસ ઇન્સ્પેકટર ગાંધીગ્રામના મહિલા પીઆઇ એસ.આર.મેધાણીને તાલુકા પોલીસ સ્ટેશન, ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ મથકના પીઆઇ એચ.એન.પટેલને આજીડેમ પોલીસ સ્ટેશન, તાલુકા પોલીસ મથકના ડી.એમ.હરીપરાને સાયબર ક્રાઇમ (ફસ્ટ), પ્ર.નગરના વી.આર.વસાવાને કુવાડવા, ખાસ શાખાના જી.આર.ચૌહાણને બી-ડિવિઝન, રીડર શાખાના કે.પી.તરેટીયાને એરપોર્ટ અને અગાઉ સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરજ બજાવતા જે.એમ.કૈલાને માલવીયાનગર પોલીસ મથકમાં બદલી કરવામાં આવી છે.

# રાજકોટ રૂરલ પોલીસમાં ૮ પીઆઇ અને ૧૦ પીએસઆઇની અરસપરસ બદલી

### બદલી થઇ અન્ય જીલ્લામાંથી આવેલા ૮ને નિમણુંકઃ શાપરના એ. બી. જાડેજાની ભાયાવદર પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઈની જવાબદારી સોંપાઇઃ વહિવટી પ્રક્રિયાના ભાગરૂપે વિજયસિંહ ગુર્જરએ બદલીનો ઘાણવો કાઢયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે મહત્વનો નિર્ણય લેતા ૮ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી કરવામાં આવી છે. આ ફેરફાર હેઠળ જિલ્લામાં જ ફરજ બજાવતા વિવિધ અધિકારીઓને નવા પોલીસ સ્ટેશનોની જવાબદારી સોંપીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૦ પીએસઆઇની પણ બદલીના ઓર્ડર થયા છે. આ બદલીઓમાં અનેક અનુભવી અધિકારીઓના કાર્યક્ષેત્રમાં ફેરફાર થયો છે.

વધુ માહિતી મુજબ જે.પી. ગોસાઈને ધોરાજી તાલુકાથી ખસેડી જસદણ પોલીસ સ્ટેશનની જવાબદારી સોંપાઈ છે, જ્યારે બી.આર. પટેલ હવે ઉપલેટાથી ધોરાજી સીટી પોલીસ સ્ટેશનનો કાર્યભાર સંભાળશે. મેટોડા જીઆઇડીસીમાં ફરજ બજાવતા એસ.એચ. શર્માની બદલી જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે, જ્યારે તેમની જગ્યાએ જેતપુર ઉદ્યોગનગરથી ડો. એમ.એમ. ઠાકોરને ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં નિમણૂક અપાઈ છે.

આ ઉપરાંત, લોધીકાથી યુ.આર. ડામોરને કોટડા સાંગાણી અને એમ.જી. ચૌહાણને પાટણવાવથી પડધરી પોલીસ સ્ટેશન ખાતે મોકલવામાં આવ્યા છે. વહીવટી તંત્રના આ આદેશ અનુસાર આર.એમ. રાઠોડ હવે કોટડા સાંગાણીથી આટકોટ અને એસ.એન. પરમાર પડધરીથી લોધીકા પોલીસ સ્ટેશનની જવાબદારી નિભાવશે. જ્યારે પોરબંદરથી બદલી થઈને આવેલા એમ.એલ. આહીરને જેતપુર તાલુકાની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા ૮ પોલીસ ઈન્સ્પેક્ટરને પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું.

તેમજ ૧૦ પીએસાઈની જિલ્લામાં આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં શાપરના એ. બી. જાડેજા ને ભાયાવદર ,જેતપુર ઉદ્યોગ નગરના એલ.ડી મેતાને વિછીયા, કે. બી. ગઢવીને જેતપુર ઉદ્યોગ નગર, જેતપુર સીટીના જે. પી. મલ્હોત્રાને ધોરાજી સીટી, ધોરાજી સિટીના આર. બી. બલદાણીયાને જેતપુર સીટી, જસદણના ભડલીઓપીના એમ. પી. ગોહિલને પડધરીના સરપદડ ઓપીમા અને સરપદડ ઓપીના વી. કે. સુરાણીને ગોંડલ સીટી એ ડિવિઝનમાં મુકાયા છે. જ્યારે ગોંડલ સીટી એ ડિવિઝનના એસ.આર પંડ્યાને શાપર વેરાવળ, આટકોટના મોટા દડવા ઓપીના એ. બી . કાકડીયાને ધોરાજી સીટી અને લીવ રીઝર્વના બી. ડી. મારૂને જેતપુર સીટી પોલીસ મથક ખાતે બદલાવીને નિમણુંક અપાઇ છે. જ્યારે શાપરના એ.બી. જાડેજા ને ભાયાવદરના ઇન્ચાર્જ પીઆઇ તરીકેની જવાબદારી સોંપાઇ છે.

# તબીબને બ્લેકમેઇલ,ખંડણી પ્રકરણમાં વધુ એક તોડબાજ પત્રકારની ધરપકડ

### સત્યની ગર્જના અખબારના ભાગીદારને દબોચતી પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર નામાંકીત તબીબની અંગતપળો વાઈરલ કરવાની ધમકી આપી રૂા. ૨૫ લાખની ખંડણી માંગવાના કેસમાં પોલીસે સત્યની ગર્જના અખબારના ભાગીદાર અને તોડબાજ પત્રકારની ધરપકડ કરી છે. આ પ્રકરણમાં હજુ ૧૦ તોડબાજ પત્રકાર ફરાર હોય તેને ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા છે.



આરોપી અજયસિંહ ચુડાસમા



ચિંતન પટેલ, એસીપી, સાયબર ક્રાઇમ, રાજકોટ

રાજકોટના એક નામાંકિત ડોકટરના ક્લિનિક પર લેબર રૂમની અંદર હોલ્ડરમાં ગુપ્ત સીસીટીવી કેમેરો લગાવી બાદમાં ડોક્ટરની અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી રૂપે રૂ. ૨૫ લાખની માંગણી કરવાના કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. ૧ એપ્રિલના પોલીસે અજયસિંહ ચુડાસમા નામના શખ્સની ધરપકડ કરી છે જે અગાઉ ઝડપાયેલ આરોપી ડોક્ટર કેતન નાંઢાનો મિત્ર છે અને ડોક્ટર કેતનએ જ તેને વીડિયો આપી રુપિયા પડાવવા માટે જાણ કરી હતી. આ પછી તેમણે પોતાના સત્યની ગર્જના અખબારના ભાગીદાર સહીત ચાર લોકો સાથે મળી ડોક્ટર પાસે રૂપિયા ૨૫ લાખની માંગણી કરી હતી. હાલ આ કેસમાં હજુ ૧૦ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે જેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ પ્રકરણમાં બે તોડબાજ પત્રકારની ધરપકડ કરી છે.

રાજકોટ શહેર સાયબર ક્રાઈમ એસીપી ચિંતન પટેલએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે

તેમાં સાધુવાસવાણી રોડ પર ગૌતમ ક્લિનિકના ડો.કમલ નાંઢા, હિરેન મકવાણા, અજય ચુડાસમા, હાર્દિક ડોડીયા, જગદીશ તેરૈયા, જીગર સોઢા, ઘનશ્યામ પટેલ, જતીન નથવાણી, સ્વાતિ નથવાણી, અમિત ઠક્કર, ભરતભાઈ તેમજ તપાસમાં ખુલે તે તમામનો સમાવેશ થાય છે. આ કેસમાં ફરિયાદીના કિલનિકમાં ડો. કમલ નાંઢા નામના શખ્સ દ્વારા ફરિયાદીના કિલનિકમાં વિશ્વ વિટવામાં સ્પાય આવ્યો હતો જે કેમેરાની અંદર મેમરી કાર્ડ ઇનબિલ્ટ હતું. જયારે પણ બલ્બ હોલ્ડરની સ્વીચ ચાલુ કરવામાં આવે ત્યારે તે સ્પાય કેમેરામાં રેકોર્ડિંગ ચાલુ થઈ જતું હતું અને મેમરી કાર્ડમાં તે સ્ટોરેજ થતું હતું. સ્પાય કેમેરા મારફત કિલનિકના માલિક તબીબની અંગત પળોની વિડીયો ફૂટેજ સ્ટોર કરી હતી. અગાઉ ડોક્ટરે કમલની ધરપકડ બાદ આજે તેના મિત્ર અજયસિંહ ચુડાસમાની ધરપકડ કરવામાં આવી છે. અજયસિંહ ચુડાસમા કે જે પત્રકાર હોવાનું જણાવતા તેમની સાથે ડોક્ટર કમલ નાંઢાએ વિડીયો શેર કરી રૂપિયા પડાવવા માટે પ્લાન બનાવ્યો હતો. આ પછી આરોપી અજયસિંહ ચુડાસમા દ્વારા પોતાના સત્યની ગર્જના અખબારના ભાગીદાર હિરેન મકવાણાને જાણ કરતા તેઓ ચાર લોકો મળી તબીબને બ્લેકમેલ કરી તેની પાસેથી ખંડણી રૂપે રૂપિયા ૨૫ લાખની માંગણી પણ કરવામાં આવી હતી.

# રૈયાગામે તળાવ પાસે કટીંગ વખતે ક્રાઇમ બ્રાંચ ત્રાટકી ૯.૭૨ લાખનો દારૂ કબ્જે લીધો

### ખોટી નંબર પ્લેટ લગાડેલ ટ્રકમાં દારૂ ભર્યો હતોઃ એક પકડાયો, ત્રણ છૂઃ રૂ. ૧૫,૪૩,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ગામ પાસે બાવળની ઝાડીઓમાં છુપાવેલ વિદેશી દારૂનો મોટો જથ્થો રાજકોટ ક્રાઇમ બ્રાન્ચએ ઝડપી પાડયોડ છે. કટીંગ વખતે જ પોલીસ ત્રાટકી હતી. પોલીસે અશોક લેલન ટ્રક અને વોક્સવેગન કાર સહિત કુલ રૂ. ૧૫,૪૩,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ૯.૭૨ લાખનો દારૂ છે. પોલીસ ત્રાટકતાં અંધારાનો લાભ લઈ ત્રણ શખ્સ ભાગી ગયા હતાં. તેની શોધખોળ થઈ રહી છે. દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ.સંજયભાઈ અલગોતર, હેડ કોન્સ. કરણભાઈ કોઠીવાળની બાતમી પરથી દરોડો પાડવામાં આવ્યો હતો. બાતમી મળી હતી કે રૈયા ગામના પાછળના ભાગે તળાવ પાસે બાવળની ઝાડીઓમાં ટ્રક અને કારમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં-કટીંગ કરવામાં આવી રહ્યો છે.આ બાતમીના આધારે પોલીસ સબ ઈન્સ. એસ.વી. ચુડાસમા, એ.એસ.આઈ. યશવંતભાઈ ડી. ભગત, હેડ કોન્સ. કરણભાઈ રાયધનભાઈ કોટીવાલ અને અન્ય પોલીસ સ્ટ,ફના માણસોએ ખાનગી વાહનમાં ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસ કાફલો પહોંચતા જ અંધારા અને ઝાડીઓનો લાભ લઈને ત્રણ શખ્સો નાસી છૂટ્યા હતા, જ્યારે નવીન લક્ષ્મીદાસ દામા (રહે. રેલનગર, રાજકોટ, મુળ જામનગર દિગ્વીજય પ્લોટ)ને પોલીસે કોર્ડન કરી ઝડપી પાડયો હતો. તપાસ દરમિયાન વાહનોમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૬૪૪ બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત રૂા. ૯,૭૨,૪૦૦ થાય છે. આ ઉપરાંત પોલીસે અશોક લેલન મેક્ષી ટ્રક કિંમત રૂ. ૩,૦૦,૦૦૦નો જેના પર ખોટી નંબર પ્લેટ લગાડેલી હતી તે તથા વોક્સવેગન વેન્ટો કાર કમત રૂ. ૨,૦૦,૦૦૦ની, સુઝુકી એક્સેસ મોટરસાઈકલ રૂા. ૬૫ હજારનું, મોબાઈલ ફોન ૬ હજારનો કબ્જે કર્યો છે.

પકડાયેલ આરોપી નવીનની અને પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ટ્રક ડ્રાઈવર નવાબ (રહે. રૈયા ગામ), કાર ડ્રાઈવર રવિભાઈ મનસુખભાઈ નાખવા નવાબનો ભાઈ પોલીસને જોઈને નાસી છૂટ્યા હતા. આ તમામ સામે પ્રોહિબિશન એક્ટખ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# લક્ઝરી કારમાં ચોરખાનું’ બનાવી વિદેશી દારૂની હેરાફેરીઃ સુરતના બે શખ્સો રૂ. ૮.૮૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

### રાજકોટ ગ્રામ્ય એલ. સી. બી. એ બાતમીના આધારે વોચ ગોઠવીઃ ટાટા હેક્સા કારમાંથી ૧૧૫ બોટલ દારૂ કબજે કર્યો



**મુખ્ય સમાચાર, જેતપુર**

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં દારૂ-જુગારની બદી નાબૂદ કરવા માટે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે જેતપુર શહેર વિસ્તારમાં ફિલ્મી ઢબે દારૂની હેરાફેરી કરતા સુરતના બે શખ્સોને લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. આરોપીઓએ લક્ઝરી કારમાં ખાસ ગુપ્ત ખાનું (ચોરખાનું) બનાવી દારૂ છુપાવ્યો હતો, પરંતુ પોલીસની બાજ નજરથી બચી શક્યા નહોતા. બાતમીના આધારે ટ્રેપ ગોઠવી એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, સુરત પાસિંગની એક ટાટા હેક્સા કાર (નંબર ખ્ત-૦૫-ઈક્-૧૯૮૭) માં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે જેતપુર વિસ્તારમાં વોચ ગોઠવી કારને અટકાવી તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારમાં તપાસ કરતા સીટ નીચે અથવા અન્ય ભાગે ખાસ ચોરખાનું બનાવેલું જોવા મળ્યું હતું. જેમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ. તથા ૭૦૦ એમ.એલ. ની કુલ ૧૧૫ બોટલો કિંમત રૂ. ૪, ૨૯,૫૨૦/- મળી આવી હતી. પોલીસે દારૂ ઉપરાંત રૂ. ૪ લાખની કાર, ૩ મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. ૮,૮૬,૯૨૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ મામલે જયેશભાઈ રવજીભાઈ ઠુમ્મર (રહે. યોગીચોક, સુરત) અને હિતેશભાઈ ખોડાલાલ પટેલ (રહે. સ્વામીનારાયણ ગ્રીન સીટી, સુરત) ની ધરપકડ કરી છે.

# જેતપુરમાં બાઇકમાં આગ લગાવનાર બે શખ્સો સીસીટીવી ફૂટેઝના આધારે ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં ગઇ તા.૧૩-૩ના રાત્રીના ૯ વાગ્યે અને ૧૪ તારીખે મોડી રાત્રે બે બાઇકોમાં જવલનશીલ પદાર્થ છાટી આગ લગાવી રૂ.૮૦૦૦૦ નું નુકસાન કરવાની ઘટનામાં પોલીસે સીસીટીવી ફૂટેઝના આધારે પેઢલા ગામ અને જેતપુરના બે શખ્સોને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં મોડી રાત્રીના વાલ્મીકીવાસમાં કણકીયા પ્લોટમાં રહેતા દિપકભાઇ નારણભાઇ ઝાલાએ ગઇ તા.૧૩-૩ના જેતપુર પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી કે, તેઓનું જ્યુપીટર નં.જીજે૧૦ડીએફ૨૪૮૧ અને બાઇક નં.જીજે૦૩ એમજે૫૫૦૩માં કોઇ અજાણ્યા શખ્સોએ જવલનશીલ પદાર્થ છાટી આગ લગાવી રૂ.૮૦૦૦૦નું નુકસાન કરી નાસી ગયાની ફરીયાદ નોંધાવી હોય આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ પીઆઇ એ.ડી.પરમાર સહિતનો સ્ટાફ તપાસ ચલાવી રહ્યા હોય પોલીસે સીસીટીવી ફૂટેઝના આધારે તપાસ કરી જેતપુરના કણકીયા પ્લોટનો સંજુ દિપક વાઘેલા અને પેઢલા ગામનો રોહિત અશ્વિન સરસાણીયા નામના બન્ને શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શાપર-વેરાવળમાં પરિણીતાના પુત્રને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચરનાર ઝડપાયો

### ફોટો વાઇરલ કરી દેવાની ધમકી આપી રૂ.૬૦ હજાર અને સોનાની કાનસર પણ પડાવી લીધી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના શાપર-વેરાવળ ખાતે આઠ-નવ મહિનાથી રિસામણે બેઠેલી પરિણીતાના પુત્રને જાનથી મારી નાખવાની ૩ ધમકી આપી પાડોશમાં જ રહેતા - શખ્સે અવાર-નવાર દુષ્કર્મ આચર્યું, ભોગ બનનારના ફોટો વાઇરલ કરી દેવાની ધમકી આપી હેવાને રૂ. ૬૦ હજાર અને સોનાની કાનસર પણ પડાવી લઈ આઠ-નવ મહિના સુધી અલગ-અલગ જગ્યાએ લઈ તેણી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે મંગળવારે રાત્રિના પરિણીતા અને તેના ભાઈએ શાપર-વેરાવળ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતો લાલો (ઉં.વ.૨૬)નું નામ આપ્યું. આ બનાવમાં દુષ્કર્મનો ભોગ બનનાર પરિણીતાએ શાપર-વેરાવળ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી નવેક મહિના પહેલાં તેણીને તેના પતિ સાથે અણબનાવ થતાં તે શાપર-વેરાવળમાં તેના પુત્ર સાથે રહેવા લાગી હતી. ત્યારે ઘરની બાજુના જ મકાનમાં રહેતા આ લાલો નામના શખ્સે તેણીને અને તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે અવારનવાર અનેક જગ્યાએ લઈ જઈ બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધ્યો હતો.

ભોગ બનનાર પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, આ લાલો નામના શખ્સે તેણીના ફોટા વાઇરલ કરી દેવાની ધમકી આપી પરિણીતા પાસેથી કટકે કટકે રૂ.૬૦ હજાર પડાવી લીધા હતા. હજુય સિલસિલો અટક્યો નહીં આરોપીએ પરિણીતાની કાનમાં પહેરવાની સોનાની બે સર પણ પડાવી લીધી હતી. બ્લેકમેઈલિંગ વધી જતા પરિણીતાએ અંતે તેના ભાઈને જાણ કરી દીધી હતી. ફરિયાદીના ભાઈએ પરિણીતા સાથે શાપર-વેરાવળ પોલીસ મથકમાં જઈ આરોપી વિરુદ્ધની ફરિયાદ નોંધાવતા પોલીસે આ લાલો નામના શખ્સ વિરુદ્ધ દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. શાપર-વેરાવળ પોલીસે લાલજી ઉર્ફે લાલો કનુ દાફડા ( રહે. સણોસરા જીલ્લો. અમરેલી)ની ધરપકડ કરી હતી

# રાજકોટ શહેરના ૧થી ૧૮ વોર્ડમાં ૯.૮૫ લાખ મતદારો નોંધાયા

### રાજકોટ જિલ્લામાં ૧૯.૪૨ લાખ મતદારોઃ ૧૧ તાલુકાઓમાં ૯.૫૬ લાખ વોટર્સ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ફાઈનલ મતદાર યાદી જાહેર થઈ ચૂકી છે જેમાં રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૯,૪૨,૪૭૪ મતદારો છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી ૨૦૨૬ ને લઈને શહેરના તમામ ૧૮ વોર્ડની ફાઈનલ મતદાર યાદી આજે ૧ એપ્રિલના સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં ૧થી ૧૮ વોર્ડમાં ગતવર્ષે, ૧૦,૯૩,૯૯૧ મતદારો સામે ચાલુ વર્ષે ૯,૮૫,૯૫૨ મતદારો નોંધાયા છે એટલે કે ૧ લાખથી વધુ મતદારો ઘટયા છે. જ્યારે બુથ અગાઉના ૯૯૧થી વધીને ૧૦૧૬ થયા છે.

આ ઉપરાંત જિલ્લાની તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા પણ ફાઈનલ મતદાર યાદી જાહેર થઈ છે જેમાં ૧૧ તાલુકાના ૨૦૨ વોર્ડમાં ૯,૫૬,૫૨૨ મતદારો હોવાનું જાહેર થયું છે. જ્યાં ૩૬ સીટ અને ૧૧૮૯ પોલિંગ સ્ટેશન છે.

રાજકોટ મહાપાલિકાના ચૂંટણી શાખાના મેનેજર પ્રણય પંચાલે જણાવ્યું હતું કે, ગત ૨૩ માર્ચના શહેર વિસ્તારની મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી હતી. જ્યારે આજે રાજકોટ મહાનગરપાલિકાની વોર્ડ વાઇઝ ફાઇનલ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ૧ થી ૧૮ વોર્ડ મા ગત વર્ષના ૧૦,૯૩,૯૯૧ મતદારો હતા. જોકે તાજેતરમાં એટલે કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન અંતર્ગત ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ કરવામાં આવી. જેમાં ગેરહાજર મતદારો, એક જ મતદારનુ બે જગ્યાએ નામ, શિફ્ટ થયેલા તેમજ મૃત્યુ પામેલા મતદારોના નામ રદ કરવામાં આવ્યા હતા. જે બાદ હવે ૯,૮૫,૯૫૨ થયા છે.

આ કુલ મતદારોમાં ૫,૧૦,૦૮૬ પુરુષો, ૪,૭૫,૮૪૮ સ્ત્રીઓ અને ૧૮ અન્ય જાતિના મતદારોનો સમાવેશ થાય છે. ચૂંટણી શાખાના જણાવ્યા અનુસાર, મતદારોની સુવિધા માટે આ વખતે મતદાન મથકો એટલે કે બૂથની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ શહેરમાં ૯૯૧ બૂથ હતા. જેમાં ૨૫ બુથનો વધારો કરીને હવે કુલ ૧૦૧૬ બૂથ નક્કી કરવામાં આવ્યા છે. ભૌગોલિક રીતે જોતા, સૌથી વધુ ૯૦ બૂથ વોર્ડ નંબર ૧૧ માં અને સૌથી ઓછા ૪૨ બૂથ વોર્ડ નં ૫ માં રાખવામાં આવ્યા છે.

જ્યારે રાજકોટ જિલ્લાની ફાઈનલ મતદાર યાદી પણ જાહેર થઈ હતી. કલેક્ટર કચેરીના ચૂંટણી અધિકારી અને એડિશનલ કલેકટરના ચાર્જમાં રહેલા નારણ મૂછાળે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં ૨૦૨ વોર્ડની ૩૬ સીટ પર ૧૧૮૯ પોલિંગ સ્ટેશન છે. જ્યાં ૯,૫૬,૫૨૨ મતદારો છે. જેમાં રાજકોટ તાલુકામાં સૌથી વધુ ૧,૩૪,૪૮૨ અને જસદણમાં ૧,૨૪,૬૪૬ મતદારો છે. જ્યારે લોધિકામાં સૌથી ઓછા ૪૬,૬૦૨ મતદારો છે.

# રાજકોટમાં ૨૦-૨૦ લાખની પ્રોમીસરી સાથેના ચેક રીટર્ન કેસમાં આરોપી નિર્દોષ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોરધનભાઈ દેવરાજભાઈ અજાણી કે જે બાંધકામનુ કામકાજ કરતા હોય અને ધંધાના વિકાસ અર્થે અલ્પેશ ગુણવંતરાય ગાંધી તથા મનસુખભાઈ ભીમજીભાઈ વીરડીયા બંન્ને પાસેથી રૂા. ૨૦-૨૦ લાખ ટુંકા સમય માટે લીધેલ અને પ્રોમીસરી નોટ લખી આપી નાણા પરત કરવા બંન્નેને ચેક આપેલ જે બંન્ને ચેક રીટર્ન અન્વયે બંન્ને ફરીયાદી ધ્વારા ગોરધન અજાણી વિરૂધ્ધ ચેક રીટર્ન અન્વયેની ફરીયાદકરતા ગોરધનભાઈ અજાણી વિરૂધ્ધ ચેક રીટર્ન અન્વયેની ફરીયાદ કરતા ગોરધનભાઈ અજાણી તેમના એડવોકેટ જયેન્દ્ર એચ. ગોડલીયા મારફત બચાવ કરવા રોકાયેલ જે કેસ ચાલી જતા રાજકોટના જયુડી. મેજી. શ્રી એ.એસ. ખંડેલવાલા સાહેબે ગોરધનભાઈ અજાણીને નિર્દોષ જાહેર કરતો મહત્વનો હુકમ ફરમાવેલ.



કેસની વિગતે ગોરધનભાઈ અજાણીએ દિપાબેન રાદડીયાના મકાનનુ રીનોવેશન કામકાજ રાખેલ તે રીતે ફરીયાદી અલ્પેશભાઈ ગાંધી અને મનસુખભાઈ વિરડીયાના સંપર્કમાં દીપાબેનના કારણે આવેલ અને ગોરધનભાઈને ધંધાના વિકાસ અર્થે ટુકા ગાળા માટે નાણાની જરૂરીયાત ઉભી થતા નાણાકીય વ્યવહાર થયેલ જેમાં બંન્ને ફરીયાદીએ રૂા. ૨૦-૨૦ લાખ આપેલ તેની નોટરી રૂબરૂ પ્રોમીસરી નોટ કરેલ અને કહેવાતી રકમ પરત ચુકવવા ગોરધનભાઈએ બંન્ને ફરીયાદીને ૧૦-૧૦ લાખના ચેક આપેલ તેવી વિગતે નામ. કોર્ટ સમક્ષ ફરીયાદ થયેલ જે બંન્ને કેસમાં ગોરધનભાઈ અજાણી તરફે ગોંડલીયા એસોસીએટના જયેન્દ્ર એચ. ગોડલીયા ધ્વારા સબંધ બાબતે નાણાકીય વ્યવહાર કરવા ક્ષમતા અન્વયે પ્રશ્નો ઉભા કરી મોટી રકમનો આર્થીક વ્યવહાર થયેલ નહી હોવા છતા ઉભો કરી ચેક ફરીયાદીને ક્યારેય ગોરધનભાઈ ધ્વારા આપવામાં આવેલ ન હોય તેવા મુદ્દા અન્વર્યનો બચાવ કરી કાયદા અને હકીકત અન્વયે ધારદાર રજુઆતો થતા અને વડી અદાલતોના વિવિધ ચુકાદાઓ ટાંકેલ જેથી નામ. કોર્ટ ધ્વારા બચાવ પક્ષની દલીલો માન્ય રાખી ચેક રીટર્ન કેસના આરોપી ગોરધનભાઈ અજાણીને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.

કામે આરોપી ગોરધનભાઈ દેવરાજભાઈ અજાણી વતી ગોડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, તથા હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરલ કી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીંગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીપ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, યશ રાદડીયા, પુજા ઉનાગર, હર્ષવર્ધનસિંહ જાડેજા, પદમાવતીબેન, જય કંડોરીયા, મારવીન કોરાટ, રૂષીત રોહીત, રોકાયેલ હતા.